સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ઓગષ્ટ, ૨૦૧૮ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/–











હેરો-લંડન (યુ.કે)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા યોજાયેલ સાતમો શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૯ થી ૪-૮-૨૦૧૮)




હેરો-લંડન (યુ.કે)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા યોજાયેલ સાતમો શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'

૧-૨-૩. પોથીયાત્રા. ૪. દીપ પ્રાગટ્ય. ૫. શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ. ૬. સમૂહ આરતી. ૭-૮-૯. શ્રીહરિ જેતપુર ગાદિપટ્ટાભિષેક મહોત્સવ. ૧૦. અન્નકૂટોત્સવ. ૧૧-૧૨. રાસોત્સવ.



છબીકલા : મનિષ પટેલ – વડોદરા • નારાયણ સોલંકી – યુ.કે.




















**હેરો-લંડન (યુ.કે)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા યોજાયેલ સાતમો શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**

૧-૨-૩-૪. શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળના ઉત્સાહી નિષ્ઠાવાન યુવાનો દ્વારા પ્રસ્તુત 'કર મન ભજનનો વેપાર' રૂપક. ૫. હિર્થો એરપોર્ટ પર પૂ. સંતોના સ્વાગત-પૂજન માટેપધારેલા લંડનનિવાસી ભક્તો. ૬. મહોત્સવમાં સેવારત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવતી મંડળની સેવાર્થી સ્ત્રીભક્તો. ૭. મહોત્સવની દરેક સેવાકાર્યમાં હંમેશાં તત્પર રહેતા શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળના ભક્તજનો. ૮-૯. કથા પૂર્ણાહૂતિ બાદ યોજાયેલ સત્સંગ સભામાં મંદિરના સેવાદાનની ૪૫ કરોડ જેટલી માતબર રકમ પૂર્ણ થતાં ઊભા થઈને માનપૂર્વક આ જાહેરાતને વધાવીને અતિ ભાવપૂર્વક ભગવાન શ્રીહરિનો આભાર વ્યક્ત કરતા સંતો-હરિભક્તો.




શ્રી સ્વામિનારાયણ મહોત્સવના યશસ્વી યજમાનશ્રીઓનું સ્મૃતિચિહ્ન અર્પણ સહ સન્માન

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥


# સ્વામિનારાયણ ચિંતન

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વર્ષ :- ૬ । અંક :- ૭ । તારીખ :- ૨૦ ઓગષ્ટ, ૨૦૧૮




## અમૃતવાણી

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી રચિત 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં **ભગવાન શ્રીહરિ** કહે છે : "રાજા હોય તોએ શું ? અને પ્રજા હોય તોએ શું ? અમે તો બધાની વાત કરીએ છીએ. ખાવા માત્રથી કોઈને ધન ખૂટતું નથી. અને જે ફેલ કરે છે તેને લેશમાત્ર પણ ધન રહેતું નથી. ફેલમાં તો મોટા મોટા રાજાઓ પણ ડૂબી જાય છે. તેને માથે તો કરોડોના ખાતાં લખાતાં હોય છે. જેટલા કરજદાર હોય છે તે બધા ધીરધાર કરનારાના ઘરને ધનથી ભરી દે છે. બુદ્ધિશાળી મનુષ્ય વિચારીને જુએ છે કે, ફેલ કર્યા વિના ક્યારેય દેણું-કરજ થાતું નથી. જે માણસ વગર વિચારે પગલું ભરે છે, તેને ક્યારેક તો મુશ્કેલી (વિઘ્ન) આવે જ છે.

**'દેનો શિર રહત જ્યાં લગહિ, સંપતિ જેતિ ઘર મેં ત્યાં લગહિ;**
**પરકી સો દેખત બુદ્ધિમાના, ગમે તેતને કરે અભિમાના.**
**રણરૂપ પિંજરે હે અગાધા, જબ ન કરે જો જાકુ બાધા;**
**શ્રેષ્ઠ મેં શ્રેષ્ઠ બુદ્ધિ સો વંતા, તા વિન બુદ્ધિ ડોલ દેખંતા.'**

જ્યાં સુધી માથે દેણું હોય ત્યાં સુધી ઘરમાં જેટલી સંપત્તિ હોય તે પારકી જ છે એવું બુદ્ધિશાળી દેખે છે. ભલેને તે પછી ગમે તેટલું અભિમાન કરીને ફરતો હોય ! ઋણ-કરજનું પાંજરું ઘણું ઊંડું હોય છે. જ્યાં સુધી માણસને તે કરજ પીડતું નથી ત્યાં સુધી તેને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બુદ્ધિવાળો જાણવો. પણ જો કરજ થઈ જાય તો તેની બુદ્ધિ ડોલતી-અસ્થિર દેખાય છે."


**પ્રસિદ્ધ કર્તા**
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
**તા.જી. રાજકોટ**

**પ્રકાશક – માલિક – તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લેખન – સંકલન**
સાધુ અમૃતસ્વરૂપદાસજી
*ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૬૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A., £ 125 U.K.***


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | આર્થિક મંદીમાં પણ સત્સંગીનો આદર્શ વ્યવહાર | ૦૪ |
| ૦૨ | સત્સંગીના આર્થિક વ્યવહારની ભલામણો | ૦૫ |
| ૦૩ | સાચા અર્થમાં અર્થવ્યવસ્થા : વેદ ગ્રંથનાં આધારે | ૧૪ |
| ૦૪ | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૨ |


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર. દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.


**લવાજમદર અંગે**
**ગ્રાહક પત્ર વ્યવહાર**

'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com chintankaryalay@gmail.com



હમારા લક્ષ્ય
વિશ્વ का कल्याण हो...
લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...
સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...

પૂ. સ.ગુ. સ્વામી
શ્રી નિત્યસ્વરૂપદાસજીના
શ્રીમુખે
સત્સંગ
કથાપારાયણ
દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી
શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના
શ્રીમુખે
સત્સંગ
કથામૃત
દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦



છબીકલા : શિવલાલ સુદાણી – બારમણ
મો. ૯૮૭૯૨ ૬૯૫૪૦




# આર્થિક મંદીમાં પણ સત્સંગીનો આદર્શ વ્યવહાર

ગૃહસ્થાશ્રમી હરિભક્તે સત્સંગી તરીકે જગતના જીવની જેમ માત્ર અર્થ-ઉપાર્જન પાછળ પોતાનું જીવન વ્યતીત ન કરી દેવું. ધન જીવન જીવવા માટે છે; જીવન ધન માટે નથી કે આપણી આવડત, બુદ્ધિ, ચાતુર્યતા માત્ર તેની પાછળ જ ખર્ચી નાખવી ! એક સત્સંગી તરીકે ધન કેવી રીતે કમાવવું તે અંગેનો વિચાર.

**સાધુ અમૃતસ્વરૂપદાસજી**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



**ગતાંકથી ચાલું...**

આજે પણ ઘણા **સત્સંગી હરિભક્તો** નિયમિતપણે નીતિમત્તાથી ધંધાકીય કમાણી કરીને દશાંશ-વીશાંશ ધર્માદો ચોખ્ખો આપે છે. તેમનું સુખ બિનસત્સંગીઓને માટે ઈર્ષ્યા ઉપજાવે તેવું હોય છે.

જેમ પારકા ધન ઉપર આપણો કોઈ અધિકાર નથી તેમ ધર્માદાનું દ્રવ્ય તે **‘દેવનું દ્રવ્ય’** કહેવાય. મંદિરની ગલ્લાપેટીના પૈસા આપણા ઘરમાં ન લાવીએ કારણ કે પાપ લાગે. તેમ આવકના ૧૦માં ભાગના ધર્માદાનું દ્રવ્ય એ પણ શ્રીજીમહારાજનું જ દ્રવ્ય છે. તેની ઉપર આપણો કોઈ અધિકાર નથી. જેટલો ધર્માદો ચોખ્ખો નીકળે તેટલું આપણી સંપત્તિનું નુકસાન પણ ઓછું થાય.

**વિપરીત દેશકાળ નિર્ગમવા શું કરવું ?**

**૧. ઘરના બધા સભ્યોએ કમાતા થવું :** વિપરીત સમય-સંજોગોમાં ઘરમાં કોઈ એક વ્યક્તિ કમાય અને બધા બેઠાં બેઠાં ભોજન લે તેવું ન કરવું. ઘરના બધા જ સભ્યોએ થોડુંઘણું નાનું-મોટું કામ કરીને ધન ઉપાર્જન કરતા શીખવું. વિપરીત પરિસ્થિતિમાં એક જ વ્યક્તિની આવકથી પૂરું ન થાય ત્યારે સૌએ ખભે ખભા મિલાવી કોઈ પ્રકારના શરમ-સંકોચ વિના પોતાનાથી થાય તેવા નાના-મોટા કામ શોધી લેવા જોઈએ. મહિલા વર્ગે પણ નોકરી, ટ્યુશન, ભરત-ગૂંથણ, ઍમ્બ્રોઈડરી, સીવણકામ કે અન્ય સંગીત જેવી કોઈ પોતાની કળા હોય તેનો ઉપયોગ કરીને દ્રવ્ય ઉપાર્જન કરવામાં મદદરૂપ થવું.

**૨. જે નોકરી મળે તેમાં સેટ થઈ જવું :** આજના યુવક-યુવતીઓ ભણ્યા પછી તરત જ નોકરી શોધે છે, પરંતુ હરિફાઈના આ યુગમાં તથા વધતી બેકારીની વચ્ચે સરળતાથી નોકરી મળતી નથી. એવા સમયમાં ‘મને આટલા પગારની જ નોકરી મળે તો હું નોકરી કરું’ એમ વિચારી બેકાર ઘેર બેસી રહેવું તેના કરતાં પોતાના ભણતર, સ્ટેટસ સામું જોયા વિના પ્રારંભિક સમયે જ્યાં જે નોકરી મળે તે લઈ લેવી. ત્યાં આબરુની વાત ન પકડી રાખવી. કોઈ પ્રકારની શરમ કે સંકોચ ન અનુભવવાં.

**૩. દેહરખા ન થવું, મહેનતું બનવું :** પોતાનામાં રહેલી આળસુ અને પ્રમાદીવૃત્તિને કારણે દેહને કારસો પડે તેવું કામ કરવું આપણને અઘરું લાગે છે, રુચિ-ગમતા બહારનું લાગે છે. પરંતુ દેહે કરીને થોડું વધુ કામ કરવું પડે કે ચાલીને ક્યાંય જવું-આવવું પડે તો ઉપરથી દેહ મજબૂત થાય. મહેનત પડે તેવું કામ કરવાનું છોડી બેસી રહેવાનું ગમે છે, પરંતુ બેસી રહ્યે કાંઈ વળતું નથી. મહેનતુ થઈ જેટલું મંડે તેટલું કમાઈ શકાય. માટે વિપરીત દેશકાળમાં દેહ સામું ન જોતા મહેનતુ બનવું.

**૪. અન્ય નાનો-મોટો ધંધો કરવો :** કોઈ જગ્યાએ નોકરી કરતા હોય કે ધંધો કરતા હોય છતાં ઘરમાં પૂરું ન થતું હોય ત્યારે ફાજલ સમય મળતો હોય તો તેવા સમયમાં સાઈડમાં (અન્ય) નાનો ધંધો કરવો જોઈએ. એકાઉન્ટ લખવા, વીમા એજન્સી જેવા નાના-મોટા કામ કરીને પણ આર્થિક ભીંસમાંથી બહાર નીકળવા પ્રયાસ કરવા.



# સત્સંગીના આર્થિક વ્યવહારની ભલામણો

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે : ''આપણે તપાસ કરવો જે હજાર રૂપિયા મળે તેનું શું ફળ છે ? ને લાખ રૂપિયા મળે તેનું શું ફળ છે ? કે કરોડ રૂપિયા મળે તેનું શું ફળ છે ? કેમ જે રોટલાથી વધારે ખવાતું નથી, માટે તેનો તપાસ કરવો ને પાછું વળતાં શીખવું.'' (૧/૩૪)

અહીં સ્વામીએ રૂપિયાની પ્રાપ્તિથી મળતાપરિણામ અને તેમાંથી થતાં સુખના પરિણામનો વિચાર કરાવી પાછા વળવાની સમજ આપી છે. આજે બહુધા લોકો 'ધન ઉપાર્જન એ જ જીવનનું પરમ કર્તવ્ય છે' તેવી ભૂલભરેલી માનીનતામાં ધનપ્રાપ્તિની લાલચમાં જ રાચ્યા કરે છે. 'લાલચે લપટાય માનવી' એ ન્યાયે વધુ ને વધુ રૂપિયા મેળવવામાં પોતાનું જીવન પૂરું થઈ જાય છે. પરંતુ થોડો વિચાર કરી પાછા વળવું કે ગમે તેટલા રૂપિયા ભેગા થશે તોપણ રોટલાથી વધારે જમાડી શકાતું નથી અને જે છે તેને પણ સાથે લઈ જવાતું નથી તો કરેલી મહેનત આપણા શા કામમાં આવે ? માટે જે કરવાનું છે એવું સત્સંગરૂપી મુખ્ય કાર્ય રહી ન જાય તે માટે પાછા વળવું. સ્વનિરીક્ષણ કરી જીવન બદલવાનો સંકલ્પ કરવો.

આગળ આપણે હરિભક્તોએ આર્થિક વ્યવહાર કેવી રીતે કરવા તેમાં મુખ્યત્વે ધન ઉપાર્જન કેવી રીતે કરવું ? અર્થાત્ આવકની બાબતમાં ક્યાં ક્યાં ધ્યાન રાખવું તે વિષે સમજ મેળવી હતી. હવે આપણે ખર્ચ, બચત અને કરજમાં કઈ બાબતો લક્ષમાં લેવી જોઈએ તે વિષે સમજ મેળવીશું.

ઈચ્છા અને અભરખા એ જરૂરિયાતની જનની છે. જેટલી ઈચ્છાઓ અને મોટા થવાના અભરખા વધતા જાય તેટલા ખર્ચા પણ વધતા જાય છે. વિવેક વિના કરેલા અણધાર્યા ખર્ચાથી જ કરજ વધે છે અને છેવટે જીવન પાયમાલ થઈ જાય છે.

અમેરિકાના મહાનગર **ન્યૂયોર્ક**માં આવેલા બ્રોંક્સ વિસ્તારમાં એક **પ્રાણી સંગ્રહાલય** છે. તેમાં વિશ્વભરનાં હિંસક પ્રાણીઓ મૂકવામાં આવ્યા છે. તેમના પાંજરા આગળ તેમના નામ અને દેશની ઓળખ તક્તીઓ મૂકવામાં આવી છે. મુલાકાતી આ બધા પ્રાણીઓને જોઈને બહાર નીકળવા જાય ત્યાં એક નાના ઓરડામાં પૂર્ણ કદના અરીસા આગળથી જ તેણે પસાર થવું પડે તેવી રચના કરેલી છે. મુલાકાતી આ અરીસા સામે ઊભો રહે ત્યારે તેને તેમાં પોતાનું પૂર્ણ પ્રતિબિંબ દેખાય. પોતાનું સુંદર સ્વરૂપ જોઈને માણસ ખુશ થઈ જાય. પણ એ અરીસા આગળની **ઓળખ તક્તી** ઉપર જ્યારે તેની નજર પડે ત્યારે તેનો આનંદ ઓસરી જાય છે. તેમાં લખેલું છે : **"You are looking at one of the most farocious animal in the world. The only animal that kills its ownself because of money."** અર્થાત્ ''સિંહ, વાઘ, ચિત્તો વગેરે ભયંકર પ્રાણીઓ જોયા પછી હવે તમે દુનિયાના **અતિ ભયંકર**માં ભયંકર **પ્રાણી** સામે ઊભા છો. સિંહ, વાઘ વગેરે પ્રાણીઓ બીજા પ્રાણીઓને મારે છે.

ક્યારેય સિંહ સિંહને ન મારે, વાઘ વાઘને ન મારે. તેઓ પોતાની જાતિને મારતા નથી. જ્યારે આ અરીસામાં દેખાય છે તે એક જ પ્રાણી વિશ્વમાં એવું છે કે જે રૂપિયા (ધન) માટે પોતાની જાતિને મારે છે. સમગ્ર માનવજાતને વિચારમાં મૂકી દે તેવું આ સત્ય છે.''

વિચાર્યા વિના ખર્ચા કરી પછી પોતાની જાતને કહેતાં પોતાને અને પોતાની જાતના એટલે કે બીજા મનુષ્યને મારી નાખે તેટલી હદ સુધી મનની વૃત્તિ ફેલાય છે. વધુ પડતા થયેલા ખર્ચા જીવનને પાયમાલ અને દુઃખી દુઃખી કરી દે છે.

## ● ભગવાનના ભક્તે ખર્ચમાં કેવો વિવેક રાખવો ?

**૧. જીવનશૈલી સાદી રાખવી :** ૨૧મી સદીમાં બહુધા વ્યક્તિઓ મોંઘવારીની ભીંસમાં સપડાયેલી છે. વૈશ્વિક મંદીના આજના સમયમાં કોઈ પણ વ્યક્તિ માટે આવકના પ્રમાણમાં ખર્ચનું સમતુલન જાળવવું એ એક પડકારરૂપ બાબત છે. તેમ છતાં તે અશક્ય નથી. જો આપણી જીવનશૈલીમાં સાદગી લાવીએ તો આવક-ખર્ચના તફાવતે બચત કરી શકાય છે. સાદી જીવનશૈલી કેળવવાથી કાંઈ આપણી પ્રતિષ્ઠા કે આબરૂ છિન્ન થઈ જતી નથી, બલ્કે વધે છે. કારણ કે સાદગી જ મહાનતાનો શણગાર છે.

દુનિયાભરમાં અગ્રગણ્ય શ્રીમંતોમાં જેમનું સ્થાન છે એવા ૫૦થી વધુ કંપની માલિક **વોરન બફેટ** પણ સાદગીભર્યા જીવનનું એક **ઉત્તમ ઉદાહરણ** છે. તેમની જીવનશૈલી સાવ સાદી અને ભભકારહિત છે. તેઓ જાતે જ પોતાની ગાડી ચલાવે છે. લગ્ન પછી ૫૦ વર્ષ પહેલાં ખરીદેલા એ જ ૩ બેડરૂમના મકાનમાં હજુ તેઓ રહે છે. આજના અત્યંત આધુનિક યુગમાં તેઓ પોતાનો મોબાઈલ ફોન પણ રાખતા નથી કે પોતાના ટેબલ પર પોતાનું કમ્પ્યુટર પણ રાખતા નથી. છતાં તેઓ ૫૦થી વધુ કંપની માલિક છે. તેમના સાદગીભર્યા જીવનથી તેમની પ્રતિષ્ઠા ઘટવાને બદલે વધી છે.

જ્યારે સામાન્ય વ્યક્તિના જીવનમાં જુદી પરિસ્થિતિ હોય છે. કોઈ આવકના એવા માધ્યમ ન હોવા છતાં જીવનશૈલી ખૂબ ઊંચી રાખતા હોય છે. ઘણીવાર પહેરવાના કપડાં પણ બીજાના માગીને પહેર્યા હોય છતાં મોટા મિનિસ્ટરની જેમ વટ પાડવામાં બેફામ ખર્ચા કરતા હોય છે. બીજા કરતા હું કંઈક ઊંચો છું તેવું દેખાડવામાં જીવન વપરાશની વસ્તુઓના પણ બેફામ ખર્ચા કરતા હોય છે. બે-પાંચ જોડી કપડાં કે બે જોડ ચંપલથી ચાલતું હોવા છતાં મોંઘાદાટ કપડાંના ખર્ચા કરતા હોઈએ છીએ.

ભગવાન શ્રીહરિની કૃપાથી આર્થિક રીતે સધ્ધરતા હોય તોપણ સત્સંગી હરિભક્તે પોતાની જીવનશૈલી સાદી રાખવી. વ્યક્તિ ૮૦ લાખની ગાડી વાપરે કે ૧૮ લાખની ગાડી વાપરે બંનેમાં ઓફિસ પહોંચતા સરખો જ સમય લાગે છે. ૮ લાખનું ઘડિયાળ પહેરો કે ૮૦૦ રૂપિયાનું ઘડિયાળ પહેરો બંનેમાં સમય સરખો જ બતાવે છે. માટે પોતાની પાસે ગમે તેટલા પૈસા હોય કે ન હોય તોપણ પોતાની જીવનશૈલી સહજ, સાદી અને સરળ રાખવી જોઈએ. ખોટો ભભકો કે દેખાડો ન કરવો જોઈએ.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ લોકમાં મનુષ્યરૂપે પ્રગટ થઈને દર્શન આપતા હતા ત્યારે સ્વયં અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ હોવા છતાં સાદી જીવનશૈલીમાં જ રહ્યા છે. હંમેશાં સાદાં વસ્ત્રો, સાદું ભોજન, સાદા ઉતારા જ પસંદ કર્યા છે. કોઈ રજોગુણી વસ્ત્રો આપે તોપણ શ્રીજીમહારાજ બીજાને આપી દેતા. તો આપણા ઈષ્ટદેવમાંથી સાદી જીવનશૈલીની પ્રેરણા લઈએ. એટલે કોઈએ કહ્યું છે કે, **'Live your life as simple as you can.'** અર્થાત્ તમારાથી શક્ય હોય તેટલું સાદું જીવન જીવો.

**૨. રોજિંદા ખર્ચમાં કાપ મૂકવો :** રોજિંદા ખર્ચમાં કાપ મૂકવા કરકસરનું અંગ અને આપસૂઝની દૃષ્ટિ કેળવવી. ફ્રૂટ-શાકભાજી મોટી મોટી દુકાનોમાંથી કે મોલમાંથી સ્ટિકરવાળું ખરીદવાને બદલે સામાન્ય લારીમાંથી ખરીદવું જોઈએ. તેલ, ઘી, મસાલા વગેરે પ્રમાણસર વાપરવાં. રસોઈમાં વધારે પડતું તેલ ન વાપરવું. તે શરીરને પણ નુકસાન કરે છે. ઘરમાં ત્રણ-ત્રણ સમાચારપત્રો આવતાં હોય તો બંધ કરાવી ગમે તે એક મગાવવું અથવા જરૂર જ ન હોય તો એક પણ ન મગાવવું. કારણ કે, તેનાથી બહારવૃત્તિ વધે અને સમય બગડે.

ઘરેથી મંદિરે દર્શન કરવા તરત જ વ્હિકલ લઈ સેલ મારીએ પરંતુ એટલું ચાલીશું તો સ્વાસ્થ્ય સારું રહે તથા ભગવાન શ્રીહરિ અને ધર્મકુળ-સંતો-ભક્તો રાજી થાય. શાકભાજી-દૂધ કે બે રૂપિયાની પેન લાવવાની હોય તોય વાહન લઈને જઈએ, બે રૂપિયાની પેન માટે ૨૦ રૂપિયાનું પેટ્રોલ વપરાઈ જાય માટે એટલું ચાલવું. આ ઉપરાંત જવા-આવવામાં જરૂર હોય ત્યારે બસ, રિક્ષા જેવા જાહેર સાધનોનો ઉપયોગ કરવો.

મોબાઈલનાં કાર્ડ વાપરવામાં તથા તેમાં ઈન્ટરનેટ આદિક સુવિધાઓ વાપરવામાં સંયમ રાખવો. આ ઉપરાંત પાણી, ઈલેક્ટ્રિસિટીના ઉપયોગમાં કરકસર કરવી. આવા રોજિંદા ખર્ચમાં બચેલ રકમનો ઉપયોગ બીજી જીવનજરૂરી વસ્તુઓમાં અથવા કોઈને મદદરૂપ થવામાં કરી શકાય. **'Don't buy more than what you really need'**

અર્થાત્ 'તમારે ખરેખર જેટલી જરૂર હોય તેના કરતાં વધારે ખરીદી ન કરવી.'

**૩. બાળકોના ખોટા ખર્ચમાં પણ કાપ મૂકવો :** બાળકોને સ્કૂલે જવા માટે સ્કૂલ બસ અને રિક્ષા ઘરની નજીકમાં આવતી હોય તો ગાડી કે સ્કૂટીનું પેટ્રોલ બાળીને મૂકવા અને લેવા જવાનો દુરાગ્રહ ન રાખવો. અત્યારથી જ બાળકોને 'આ વસ્તુ વિના મારે નહિ જ ચાલે' આ માનસિક વલણથી દૂર રાખવા અને પ્રેમથી સમજાવવા. મોજશોખ અને રમકડાં તથા રમતગમતના સંસાધનો જરૂર પૂરતાં લાવવાં. રૂમ ભરાય એટલા રમકડાં ન લાવવાં. કારણ કે તે બે વર્ષ પછી તો કાંઈ કામમાં આવવાનાં નથી... તો એવા ખોટા ખર્ચા ન કરવા. મોંઘા મોંઘા કપડાં, નાસ્તા, સ્ટેશનરી તે બાળકોની જીદે પણ ન લાવતાં તેમને સમજાવવું અને સાદી જીવનશૈલીથી રહેતા શીખવવું.

આપણે જગતના જીવો જેવા ફેલફતૂર ન કરવા કે તેવા પ્રસંગો ન કરવા. કુસંગીની જેમ ઠંડાપીણાં કે અન્ય વસ્તુના ખોટા ખર્ચ ન કરવા. કારણ કે, 'કુસંગીના ફેલમાં, સત્સંગીના રોટલા.' કુસંગીઓ જે વ્યસનોમાં કે અન્ય બિનજરૂરી ખર્ચા કરે છે તેટલી રકમમાં તો સત્સંગીના રોટલા નીકળી જાય. માટે જોઈ-વિચારી સમજણપૂર્વક આવક-જાવક સામે દૃષ્ટિ રાખી ખર્ચા કરવા અને આપણી બાળ-યુવા પેઢીને પણ તે શીખવવું.

કુસંગીઓ જે વ્યસનોમાં કે અન્ય બિનજરૂરી ખર્ચા કરે છે તેટલી રકમમાં તો સત્સંગીના રોટલા નીકળી જાય. માટે જોઈ-વિચારી સમજણપૂર્વક આવક-જાવક સામે દૃષ્ટિ રાખી ખર્ચા કરવા અને આપણી બાળ-યુવા પેઢીને પણ તે શીખવવું.

**૪. જરૂરિયાતોમાં કાપ મૂકવો :** જેમ ઊંઘ અને આહાર વધાર્યાં વધે અને ઘટાડ્યાં ઘટે તેવી જ રીતે જરૂરિયાતો વધારી વધે અને ઘટાડી ઘટે છે. તેથી ખરેખર જેની જરૂર ન હોય તેવા ખર્ચમાં કાપ મૂકવો. જેમ કે - ટી.વી.માં ચેનલ કનેક્શન-ડિશ કનેક્શન વગેરે જેવા જેના વગર ચાલે તેમ હોય તેવા ખર્ચા ન કરતાં તે રકમ બચાવવી. ચાર જોડ કપડાંથી ચાલતું હોય તોપણ કપડાંથી કબાટ ઊભરાતું હોય. એવા સંજોગોમાં દર વર્ષે નવાં કપડાં ખરીદવાનો આગ્રહ ન રાખવો. જરૂરી હોય તેવી ખરીદીમાં પણ બ્રાન્ડેડ કપડાં અને ચંપલ જ ખરીદવાનો આગ્રહ ન રાખતાં સાદા ખરીદવાનો આગ્રહ રાખવો. દર વર્ષે સોનાના દાગીના ન લેવા. કારણ કે તે મોટેભાગે બેંકના લોકરમાં જ પડ્યા હોય અને વર્ષમાં એક-બે દિવસ જ પહેરાતા હોય છે તો તેના બદલે જરૂરી હોય તેટલા જ લેવા. આ ઉપરાંત ફર્નિચર કે નવા બાંધકામ વગર ચાલે એવું હોય તો થોડું 'ચલવી લેવાની ભાવના' શીખવી જોઈએ. 'Don't waste your money on unnecessary things, rather spend it on things that are really required.' અર્થાત્ 'બિનજરૂરી વસ્તુઓ માટે તમારા પૈસા ન બગાડશો. તેના કરતાં ખરેખર જરૂર હોય તેમાં તે વાપરો.'

**૫. ખરીદીમાં પ્લાનિંગ કરવું :** કોઈપણ ક્ષેત્રમાં, કોઈપણ કાર્ય પ્લાનિંગથી કરવામાં આવે તો તેમાં જરૂર સફળતા મળે અને ફાયદો થાય છે. કરિયાણું, શાકભાજી, ફ્રૂટ, સ્ટેશનરી વગેરેની ખરીદી માટે જો અગાઉથી પ્લાનિંગ કરવામાં આવે તો જરૂર ખર્ચમાં કાપ મૂકી શકાય. તેના માટે એક સોસાયટી કે એક જ કુટુંબના અથવા બે-ચાર પરિવાર ભેગા થઈને હોલસેલ માર્કેટમાંથી ખરીદી કરે તો નિર્ધારિત ખર્ચ કરતાં ઓછા ખર્ચમાં વધુ વસ્તુ મેળવી શકાય છે. એ જ રીતે પ્લાનિંગ કરી એકસાથે બધી વસ્તુની ખરીદી કરીએ તો વારંવાર બજારમાં જવું ન પડે અને તેટલો પેટ્રોલનો ખર્ચ ઓછો કરી સમયને પણ બચાવી શકાય.

**૬. મોજશોખના ખર્ચમાં કાપ મૂકવો :** દિવાળી કે ઉનાળુ વેકેશન હોય અથવા એકસાથે ચાર-પાંચ રજા આવી હોય તેવા દિવસોમાં પ્રવાસ કે અન્ય હરવા-ફરવા કે હવા ખાવાનાં સ્થળોએ જવું જ પડે આવી માનીનતામાંથી બહાર આવીએ. કારણ કે તેમાં ભાડાનાં, જમવાનાં, ટિકિટનાં ખૂબ મોટા ખર્ચા થતાં હોય છે તથા કેટલાક કુસંસ્કારો જીવનમાં પેસી જતા હોય છે. સરકસ, નાટક અને મેળા જેવા મનોરંજનનાં કે મોજશોખના સ્થળોએ જવાનું ભગવાનના ભક્તે સદંતર ટાળવું. તેનાથી ઈન્દ્રિયોની ધારાઓ સજાય છે અને મન-બુદ્ધિ-ચિત્ત અને પૈસા બધું બગડે છે. ઈન્ટરનેટ પણ અભ્યાસ, ધંધા-વ્યવસાયમાં જરૂર હોય તે પૂરતું જ અને તેટલા જ સમય માટે વાપરીએ. સોશ્યલ મીડિયા અને વેબસાઈટ્સ વાપરવામાં પણ સંયમ રાખવો જોઈએ.

**૭. મહેમાનગતિમાં સાદગી રાખવી :** ભારતીય સંસ્કૃતિમાં મહેમાનોનું મહત્ત્વ ઘણું છે : 'અતિથિદેવો ભવઃ' મહેમાનોની આગતા-સ્વાગતા જરૂર કરવી. પરંતુ દેશકાળને અનુસરી આપણી પરિસ્થિતિ પ્રમાણે મહેમાનગતિ કરાવવી. મહેમાન જોઈને ગાંડા અને ઘેલા ન થઈ જવું. મોંઘા મોંઘા બદામ-કાજુના શાક કે જમવામાં ૧૦-૧૫ આઈટમો ન બનાવવી. ઓછો ખર્ચ થાય તેવું જોવું. વેવાઈ હોય કે જમાઈ પરંતુ પોતાની પરિસ્થિતિ પ્રમાણે કરવું. આવેલ મહેમાન બધું જાણતા જ હોય, તેથી ૩-૪ આઈટમો જ જરૂર પૂરતી

બનાવવી. મીઠાઈથી મીઠાં કરવા કરતાં વાણીથી મીઠાશ ભરીએ, સૌની સાથે વ્યવહારુ વર્તન રાખી અને રાજી રાખીએ પણ મહેમાનગતિમાં બે છેડા ભેગા ન થાય તેવા ખોટા ખર્ચા ન કરીએ.

**૮. સ્વાવલંબી બનવું :** ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે લિખિત શિક્ષાપત્રીના ૧૪૨માં શ્લોકમાં આજ્ઞા કરી છે કે, "ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશુ, તેમની તૃણ-જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં." અને અત્યારે વર્તમાન સ્થિતિ મુજબ આપણને નોકર-ચાકરના પગાર પોસાય અને તેમને સંતોષ આપી શકીએ તેટલા જ રાખવા. આળસ અને માન-મોટપ છોડી સ્વાવલંબી બનવું. પોતાના ઘરનું, ફાઈલિંગનું તથા ઓફિસનું કામ જાતે કરવું. પશ્ચિમી દેશોમાં તો ડ્રાઈવર, નોકર-ચાકર, રસોઈયા એવી પ્રથા જ નથી. ખૂબ જ વ્યસ્ત સમયની વચ્ચે પણ બધું કામ જાતે જ કરે છે. તો આપણે પણ નોકર-ચાકરના ખર્ચા બચાવીએ અને ન આવ્યા હોય તો બોલાવવા જવામાં સમય ન બગાડતાં 'જાતમહેનત જિંદાબાદ' આ ઉક્તિને વળગી રહી પરાવલંબી ન બનતાં સ્વાવલંબી બનીએ. ઘરનાં કે ઓફિસના નાના-મોટા કામ જાતે જ કરવાની ટેવ પાડીએ અને પડાવીએ તો સ્વાસ્થ્ય પણ સારું રહેશે અને કોઈના આધારે જીવવું નહિ પડે અને ખર્ચા પણ ઘટશે.

### ● કરકસર કરવી :

આજકાલ જેમ આવક વધી છે તેની કરતા મોંઘવારી કેટલાય ગણી વધી છે. સામાન્ય માણસને આ મોંઘવારીમાં કેમ કરીને બધું આયોજન કરવું, કેટલું વાપરવું કે કેટલી બચત માટે રાખવી આનું ડીસીજન લેતા આંખે અંધારા આવી જાય એવી પરિસ્થિતિ છે. માણસ ગમે તેટલો હોંશિયાર હોય પણ આ બાબતમાં ક્યારેક અજ્ઞાની સાબિત થાય જો સમજી વિચારીને પૈસા વાપરવામાં કાળજી ન રાખે તો.

આપણી ગુજરાતીમાં **કહેવત** છે કે, 'ત્રેવડ ત્રીજો ભાઈ.' ત્રેવડ એટલે આપણા બજેટમાંથી જે કંઈ આવક હોય એનો એવી રીતે ઉપયોગ કરવો જેનાથી ભવિષ્યની મુશ્કેલીઓનો સામનો કરવામાં સરળતા રહે. બચત કરેલી આવકની રકમ આપણને ભાઈની જેમ કામ આવે. ભવિષ્ય એવી બંધ મુઠ્ઠી છે જેને ખોલવાની તાકાત આપણામાં નથી. ભવિષ્ય કેવું રહેશે તેનો કોઈને ખ્યાલ હોતો નથી એટલે જ બને ત્યાં સુધી કોશિષ એવી કરવી કે જેનાથી આપણું ભવિષ્ય સરળ રહે.

'કરકસર' આના માટેનો **શ્રેષ્ઠ ઉપાય** છે. કરકસર એટલે લોભ નહિ. કરકસર અને લોભમાં પાયાનો ફરક એ છે કે **'કરકસર'** એટલે સમજી વિચારીને વાપરવું અને 'લોભ' એટલે વાપરવું જ નહિ. જે વસ્તુની જરૂરિયાત હોય, જેના વગર ચાલવાનું જ ન હોય તો તેને માટે ખર્ચ કરવો જ પડે, પણ જો આવી વસ્તુમાં પણ આપણે કંજૂસાઈ કરીને પૈસા બચાવવાની વેતરણ કરીએ તો એને **લોભ** કહેવાય.

આવક મર્યાદિત હોય તો ખર્ચ મર્યાદિત રાખવો આનું નામ કરકસર. ત્રેવડનો બીજો અર્થ કાળજી થાય. ત્રેવડ એટલે વસ્તુ કે રકમ ખર્ચ કરવા બાબત લેવાતું ધ્યાન. બેકાળજી - મતલબ કે કોઈ વસ્તુમાં ધ્યાન ઓછું આપવું. ખર્ચ ઓછો કરીને જ કરકસર થઈ શકે એવું નથી પણ વસ્તુના વપરાશ બાબતે ધ્યાન રાખવું એ પણ એક જાતની કરકસર છે. પૈસા ખર્ચ કરવામાં 'જાગતો નર સદા સુખી.' જાગૃત માણસ હંમેશાં મુશ્કેલીના સમયે ચિંતામુક્ત હોય છે. આપણે ઘણાંય એવા માણસોને જોયા હશે કે જેને આવક તો ઢગલાબંધ હતી પણ વાપરવા બાબતે ધ્યાન આપ્યું નહિ, આજે પસ્તાવાનો વારો આવ્યો હશે. એક સમયના ખમતીધર માણસને જ્યારે નોકરી કરવાનો સમય આવે ત્યારે બચત-કરકસર કરવાનું મહત્ત્વ સમજાય.

પૈસો હાથના મેલની ઉપમા પામીને યુગોથી એક હાથમાંથી બીજા હાથમાં વહેતો રહ્યો છે. પૈસાનું-ધનનું વહેવું નદીની જેમ તદ્દન સ્વાભાવિક છે. એટલે પશ્ચિમની વિચારધારાએ પણ એ જ દિશા સ્વીકારી છે. પૈસા ઉડાઓ અને મોજ કરો. પરંતુ આપણી ભારતીય સનાતન ધર્મ પરંપરાએ ધનને લક્ષ્મીજીના રૂપે પૂજ્ય સ્થાન આપીને એને જાળવવાનું પણ ખૂબ મહત્ત્વ આંક્યું છે. આપણી સંસ્કૃતિ ધર્માર્થ કાર્ય માટે ધનને તત્કાળ વાપરવાની અને ભોગ માટે ધનને ખૂબ વિચારપૂર્વક વાપરવાની વિભાવના આપે છે.

આજનું સોશ્યલ મીડિયા અને ટીવી કલ્ચર યુવાનોની રગેરગમાં વહેવા લાગ્યું છે ત્યારે પ્રત્યેક ઘરની **એક ફરિયાદ** છે : 'છોકરાંઓના ખર્ચા ખૂબ છે' ! હા, વાતમાં તથ્ય છે. ટીવીમાં જાહેરાત જોઈ નવા શૂઝની, એટલે એ શૂઝ પહેરવાની રઢ ઊપડે. ટીવીમાં ગીત સાંભળ્યું અમુક શૂટીંગ-શર્ટીંગનું, એને તરત જ એ શર્ટ ખરીદવાનું ! આવું તો કેટકેટલું જાત જાતનું ! અને વળી ફેશનો ને મિત્રો સાથે હરવું-ફરવું છે, મોજશોખ કરવા છે - એ તો યુવાનીના રંગની ખરી મજા છે ! પણ ખાલી ખિસ્સે તો એ થાય જ કેમ ? કોલેજ-હાઈસ્કૂલમાં ભણતાં છોકરાંઓને મોજશોખ હવે જીવનની જરૂરિયાત બનતા જાય છે અને એ માટે ગમે ત્યાંથી ગમે તેમ કરીને ખિસ્સું ભરવાની યોજનાઓ વિચારવાની ! છૂટા હાથે વપરાતો, ઉડાઉ હાથે ખર્ચાતો રૂપિયો અનેક અનર્થ નોતરે છે. આર્થિક પાયમાલીથી લઈને સમસ્ત સમાજની પાયમાલી.

ઈતિહાસ એનો સાક્ષી છે. રોજબરોજ આપણી નજર સામે બનતા અને છાપામાં ઠલવાતા અનેક સમાચારો એના પુરાવાઓ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એટલે જ શિક્ષાપત્રીમાં અદ્‌ભુત સૂત્ર આપ્યું છે કે, 'આવક પ્રમાણે ખર્ચ કરવો.' એક નાનાશા ઘરમાં ખૂબ મોટો આર્થિક બોજ તાણતો પિતા હોય કે ખોટમાં જઈને દેવાળા ફૂંકતી ખૂબ મોટી પેઢીઓ હોય, આ સૂત્ર દરેકની સફળતા કે નિષ્ફળતાનું કારણ દર્શાવે છે.

માતાપિતાના રૂપિયા મન ફાવે તેમ ઉડાવતાં તાગડધિન્ના કરતાં સંતાનોને ભલામણ છે કે, આમ ખર્ચા કરે તો કુબેરનું ધન પણ ખૂટી જાય. ધન વાપરવામાં વિવેક જોઈએ. ખોટા ખર્ચા, બિનજરૂરી ખર્ચા નહીં ટાળો તો પાયમાલ થઈ જશો. પાંચ-સાત જોડી કપડાં હોય તે બરાબર છે, પણ કેટલાંક નબીરાને વીસ-પચ્ચીસ જોડ કપડાં ! તોય દર વર્ષે નવાં કરવા જોઈએ ? કેટલાંય જોડ જોડાં ! અને વળી વ્યસનોના ખર્ચા ! કંજૂસાઈ નહીં પણ કરકસર તો શીખવી જ પડે. જેમ બને તેમ જરૂરિયાતો ઓછી કરવી. હા, વધુ રૂપિયા હોય તો ધર્મ અર્થે વાપરો, સારાં કામમાં વાપરો. બીજા કરે માટે આપણે કરવું - એમ દેખાદેખીથી જ ખૂબ મોટા ખર્ચા થતા હોય છે, પણ એમાં ખેંચાવું નહીં.

માતાપિતાના રૂપિયા મન ફાવે તેમ ઉડાવતાં તાગડધિન્ના કરતાં સંતાનોને ભલામણ છે કે, આમ ખર્ચા કરે તો કુબેરનું ધન પણ ખૂટી જાય. ધન વાપરવામાં વિવેક જોઈએ. ખોટા ખર્ચા, બિનજરૂરી ખર્ચા નહીં ટાળો તો પાયમાલ થઈ જશો.

આજના યુવાનોને ધનઉડાઉ પેઢીને સમજવા જેવો **અદ્‌ભુત દાખલો** ગોંડલના મહારાજા **ભગવતસિંહજી**નો છે. સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી મહારાજા સંગ્રામસિંહજીને ત્યાં સન ૧૮૬૫ની ૨૪મી ઓક્ટોબરે જન્મેલા ભગવતસિંહજીએ ભારતના રજવાડાંઓને એક ઉત્તમ રાજવીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. એમની વહીવટ દક્ષતા, એમની કરકસર એટલે અદ્‌ભુત અર્થશાસ્ત્ર ! ખૂબ વ્યવહારુ અને કોઈને પરેશાનીરૂપ ન બને એવી કરકસર !

વિશ્વયુદ્ધ વખતે દેશનું મોટા ભાગનું લોખંડ યુદ્ધ સરંજામ માટે કારખાનાંઓમાં ઉપાડી જવામાં આવતું હતું ત્યારે લોખંડની એટલી બધી તંગી ઊભી થઈ કે ઓફિસોમાં ટાંચણીઓની પણ સખત ખેંચ ઊભી થઈ. ટાંચણીઓના ભાવ પણ ખૂબ વધ્યા. ખૂબ મોંઘા ભાવે મળતી ટાંચણી પણ તદ્દન હલકી કક્ષાની અને થોડા જ સમયમાં કટાઈ જાય તેવી ! સૌ લાચાર બનીને ચલાવી રહ્યા હતા.

એવા સમયમાં ભગવતસિંહજી રાજ્યની કચેરીમાં અણધાર્યા આવી ચડ્યા. તેમની સૂક્ષ્મ નજરે નોંધાઈ ગયું કે કાગળ ઉપર લગાડેલી ટાંચણીઓ કાગળ સાથે ટોપલીમાં જાય છે. મોંઘી ટાંચણીઓ આમ જાય, રાજ્યને કેમ પોસાય ?

ભગવતસિંહ બાપુએ બીજે જે દિવસે દીવાનને ફરમાન કર્યું : "આપણા રાજ્યના વાઘરીઓના મુખીને હાજર કરો."

વાઘરીનો વડો હાજર થયો. બાપુએ તેને કહ્યું : "તમે રોજ દાતણ કાપીને વેચો છો તેની શૂળો સાફ કરીને ફેંકી દો છો ?"

"હા, નામદાર !"

"હવેથી એ બધી શૂળો ભેગી કરવાની. તેમાંથી સારી મજબૂત શૂળો, કાગળમાં ભરાવવાના કામમાં લાગે તેવી શૂળો જુદી તારવી રોજ તેના બંડલ કરવા ને સાંજે અહીં પહોંચાડી જવાં. સમજાય છે ?"

"હોવે બાપુ ! આપનો હુકમ શિર સાટે. આપનો હુકમ છે ને રોજે રોજની કોથળા ભરીને શૂળું દઈ જાશું."

"કાલથી જ દેવા માંડો.... અને તમે અટાણે બજારમાં શાક માર્કેટ પાસે દાતણ વેચવા બેસો છો, તેનું રાજ્યને કાંઈ ભાડું ચૂકવો છો કે નહીં ?"

"હોવે બાપુ ! દેવું પડે જ ને !"

"ઈ ભાડું હવેથી માફ ! પણ જો બાવળની શૂળો પહોંચાડવામાં ચૂકશો તો તે દિ'થી ભાડું ચાલુ થઈ જશે..."

અને બીજા જ દિવસથી મહારાજા ભગવતસિંહજીનું ફરમાન દરેક કચેરીએ લાગી ગયું : "હવેથી સૌએ ટાંચણી-પીનને બદલે શૂળોનો જ ઉપયોગ કરવો. પીન કરતાં વધુ સારું કામ આપે છે અને ઉપયોગ કરી લીધા પછી ફેંકી દેવામાં આવે તો પણ રાજ્યને કશું નુકસાન થતું નથી."

બે વર્ષ પછી ગોંડલ મહારાજા ભગવતસિંહજીએ દીવાન પાસે આંકડો કઢાવ્યો. દીવાને કહ્યું : "હજૂર ! આનાથી રાજ્યની તિજોરીને પૂરા એક લાખ ને બાવીસ હજાર રૂપિયાનો બચાવ થયો !"

મહારાજા ભગવતસિંહજી હંમેશાં **સાદાં વસ્ત્રો** પહેરતા અને ફાટી જાય ત્યાં સુધી પહેરતા. ઘણીવાર તો ફાટેલાં વસ્ત્રોને પોતાની જાતે સીવીને પહેરતા. આટલી બધી સાદાઈ અને કરકસર હોવા છતાં માનવતાના કાર્યમાં તેઓ **હંમેશાં ઉદાર** રહેતા. બીજા વિશ્વયુદ્ધ પછી નિરાધાર બનેલા સૈનિકોનાં બાળકો માટે મહારાજાએ એક લાખ રૂપિયાનો ચેક ઈંગ્લેન્ડની સરકારને મોકલ્યો હતો, જેનાથી પ્રભાવિત થઈને ઈંગ્લેન્ડના વડાપ્રધાન ચર્ચિલે તેમના ભારોભાર વખાણ કર્યા હતા.

ભગવતસિંહ બાપુની કરકસરનો એક **બીજો પ્રસંગ** જાણવા જેવો છે. મહારાજા પાસે ઘોડાગાડી હતી અને મોટરો પણ હતી. મોટા ભાગે નગરમાં ફરવા માટે તેઓ ઘોડાગાડીનો ઉપયોગ કરતા, પણ બહાર દૂર જવાનું હોય ત્યારે મોટરગાડીનો ઉપયોગ કરતા. બન્યું એવું કે એક દિવસ તેમની મોટરગાડી એક ગામ પાસે રસ્તામાં જ બગડી. તેને ચાલુ કરવાનો પ્રયત્ન કર્યો પણ ચાલુ ન થઈ. ત્યારે બધી મોટરકારો વિલાયતથી આવતી અને તેને રિપેર કરવાનાં સારા ગૅરેજો અહીં ઓછા હતાં. સાંજ ઢળી પડી હતી અને મહારાજા રસ્તા ઉપર ઊભા ઊભા કોઈના વાહનની રાહ જોતા હતા. તેમને એમ કે કોઈનું વાહન મળે તો ગોંડલ ભેગો થઈ જઉં.

એવામાં ગામના સરપંચે મહારાજાને ઊભેલા જોયા, તેથી તે તરત જ દોડીને ગામમાં ગયો અને ટેલિફોન બૂથ ઉપરથી દરબારગઢમાં ફોન કર્યો. ત્યારે ગોંડલ રાજ્યના એકેએક ગામમાં ટેલિફોનની સગવડ પહોંચી ગઈ હતી. દરબારગઢને સરપંચે બધી પરિસ્થિતિ જણાવી અને તરત જ બીજી ગાડી મોકલવાની વ્યવસ્થા કરવા વિનંતી કરી. થોડી જ વારમાં બીજી મોટરકાર આવી ગઈ. મહારાજાને નવાઈ લાગી અને કોના કહેવાથી ગાડી મોકલી તેવું પૂછતાં આવનાર ડ્રાઈવરે ગામના સરપંચનું નામ લીધું.

સરપંચ તો હરખાતો હતો કે મેં ખરા સમયે મહારાજા માટે કાર મંગાવી અને તેમને અહીં અંધારામાં ઊભા રહેતા બચાવી લીધા અને ગોંડલ પહોંચાડી દીધા. મહારાજા કશું બોલ્યા નહીં, પણ ગોંડલ પહોંચીને તેમણે તરત જ સરપંચને નોટિસ મોકલી. જેમાં ટેલિફોનનું ખર્ચ, મોટરનું ભાડું, ડ્રાઈવરનું મહેનતાણું તથા રાજ્યનો બધો ખર્ચ - બધું ઉમેરીને જે રકમ થાય તે સરપંચ પાસેથી વસૂલ કરવામાં આવી. બિચારો સરપંચ તો ડઘાઈ જ ગયો. તેને એમ કે 'મેં આ સારું કામ કર્યું છે, એટલે જરૂર મારી સારી કદર થશે. આ તો ઊલટાનો દંડ થયો !'

એક પ્રશ્ન થાય કે શું સરપંચને દંડ કરવો યોગ્ય હતો ? તેણે તો મહારાજાની સગવડ માટે આવું પગલું ભર્યું હતું. પણ મહારાજાનો પક્ષ હતો કે આવું પગલું ભરીને સરપંચે રાજ્ય ઉપર વધારાનો ખર્ચ નાંખ્યો હું ગમે તેમ કરીને ગોંડલ પહોંચી જ જવાનો હતો. તેમાં મને પૂછ્યા વિના મોટરકાર મંગાવવાની કોઈ જરૂર ન હતી. જો હું આવો દાખલો બેસાડું તો રાજ્યના અમલદારો પણ પોતાની સગવડ માટે ગમે તેવા ખર્ચા કરતા થઈ જાય અને તે મારા રાજ્યને પોસાય નહીં, કારણ કે રાજ્યને કરકસરથી ચલાવવું એ મારો **સિદ્ધાંત** છે.

એકવાર એવું બન્યું કે મહારાજાના રાજકુમાર **ભોજરાજજીનાં લગ્નનો પ્રસંગ** હતો. લગ્નપ્રસંગે વરરાજા અને કોડભરી પરણનારી કન્યા વધુમાં વધુ શોભા પામે તેવાં વસ્ત્રો તથા આભૂષણો પહેરતા હોય છે. ભોજરાજજીને મહારાજાએ સારામાં સારો પોશાક સિવડાવી આપ્યો. પણ ભોજરાજજીને એ પોશાક બહુ ગમ્યો નહીં.

ભોજરાજજીએ નવું કપડું ખરીદ્યું અને પોતાના માટે નવો પોશાક બનાવડાવ્યો. મહારાજાને આ વાતની ખબર પડી ગઈ. તેમને આ ગમ્યું નહીં, પણ લગ્નપ્રસંગ હોવાથી તે કશું બોલ્યા નહીં. લગ્નપ્રસંગ પૂરો થયા પછી મહારાજાએ ભોજરાજજી ઉપર આદેશ મોકલ્યો કે નવો પોશાક બનાવવામાં આવ્યો છે તેનો બધો ખર્ચો તેમના પગારમાંથી કાપી લેવામાં આવશે.

ગોંડલ નરેશની કરકસરના આવા **અનેક ઉદાહરણો** છે ! સમસ્ત રાજ્યમાં તેમજ લોકોના ઘરમાં કોઈપણ કામની વસ્તુને નકામી બનાવીને ફેંકી દેવામાં ન આવે તે માટે ભગવતસિંહ બાપુ ખાસ તકેદારી રખાવતા. બાટલીઓ, કાચનો સામાન, ધાતુઓનો ભંગાર, કોથળા, ચીંથરાં - આ તમામ વસ્તુઓમાંથી પૈસા ઉપજાવવામાં આવતા અને તિજોરીમાં જમા કરાવાતા.

ગોંડલમાં સરકારી ખર્ચે ચાલતું રાજ્યનું બેનમૂન **ગેસ્ટહાઉસ** હતું. પણ મહારાજાનો સખ્ત **આદેશ** હતો કે ગમે તેવા ઉચ્ચ દરજ્જાના મોંઘેરા મહેમાનને ત્રણ દિવસથી વધારે સમય અતિથિગૃહમાં રહેવા દેવા નહિ અને જો રોકાય તો ચોથા દિવસથી ખર્ચનું બિલ આપવા માંડવું.

કવિવર **રવીન્દ્રનાથ ટાગોર** તેમના કાઠિયાવાડના પ્રવાસ દરમ્યાન અન્ય તમામ રજવાડાંઓની જેમ જ ગોંડલના પણ અતિથિ બન્યા હતા. રવીન્દ્રનાથના દરજ્જાને છાજે તેવી રીતે ભગવતસિંહ બાપુએ ત્રણ દિવસ તેમની મહેમાનગતિ કરી. પણ કવિ તેમની શાંતિનિકેતન નામની સંસ્થા માટે ફંડ કરવા નીકળ્યા હોઈ, ત્રણ દિવસમાં તેનું કાર્ય સમાપ્ત થાય તેમ ન હતું તેથી બે દિવસ વધુ રોકાઈ જવું પડ્યું. પાંચમે દિવસે જ્યારે તેઓ ટ્રેનમાં બેઠા ત્યારે અતિથિગૃહના મેનેજરે હળવેક રહીને તેમના હાથમાં વધારાના બે દિવસનું બિલ મૂકી દીધું અને વાંચીને કશુંય બોલ્યા વગર ટાગોરે ચુપચાપ રોકડાં નાણાં ચૂકવી દીધાં.

રખે કોઈ આવા પ્રસંગોથી મહારાજા ભગવતસિંહજીને કંજૂસ ન માને ! આ એક જ એવા રાજવી હતા જેમણે સાચી જરૂરિયાતવાળાઓને જરાય સંકોચ વગર **છૂટે હાથે** નાણાં આપ્યાં હતાં. સ્વયં રવીન્દ્રનાથ ટાગોરને પણ તેમણે આપેલો **ફાળો** કાઠિયાવાડમાં ભાવનગર પછી બીજે નંબરે હતો. ભાવનગરના દીવાન પ્રભાશંકર પટ્ટણીને ટાગોર સાથે અંગત સંબંધ હોવાથી જ ભાવનગરના મહારાજાએ વધારે નાણાં આપ્યાં હતાં. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી સત્યાગ્રહની લડત

ચલાવતા ત્યારે મહારાજા ભગવતસિંહજીએ તેમની લડતમાં સહાયરૂપ થવા ખાનગી રીતે નાણાં મોકલ્યાં હતાં.

આવી **અદ્ભુત કરકસર** વડે રાજ્યની તિજોરીને જે લાભ થતો અને નાણાંનો બચાવ થતો, તેનો ઉપયોગ મહારાજાએ અથવા રાજકુટુંબે ક્યાંય પોતાના ભોગવિલાસમાં કે હલકા શોખો પોષવામાં હરગિઝ નહોતો કર્યો. રાજની પાઈએ પાઈ લોક કલ્યાણનાં કાર્યો પાછળ વપરાતી હતી. રાજાશાહી દરમ્યાનનાં ગોંડલ રાજ્યના તમામ સરકારી બાંધકામ પર નજર ઘુમાવી જોશો તો રેલ્વે સ્ટેશનો-પુલો-રસ્તાઓ-દરબારી ઈમારતો-નદી પરના બંધો.... ક્યાંય એક કાંકરી સરખી પણ ખરતી દેખાશે નહિ. કેટલાંક બાંધકામ તો સદી પુરાણા હોવા છતાંય આજે પણ એવાં જ - તદ્દન નવાં જેવા જ લાગશે.

અને રાજની આવી કરકસર દ્વારા જે નાણાં બચી શકતા હતાં તેનો પ્રજાને એ ફાયદો હતો કે ગોંડલમાં પ્રજાના કોઈ પણ વર્ગ પર કોઈપણ પ્રકારનો ટેક્સ ન હતો. આખા હિંદમાં એક ગોંડલ જ એવું સ્ટેટ હતું જે સંપૂર્ણ **'ટેક્સ ફ્રી'** ગણાતું હતું. ખુદ વાઈસરોય અને અંગ્રેજ સરકારને પણ નવાઈ લાગતી હતી : 'નામનાય કરવેરા વગર આ રાજ્ય પોતાનો **વહીવટ** કેવી રીતે ચલાવી શકતું હશે ?'

આજના ઉડાઉ યુગની વચ્ચે, સુખી થવાના ઈલાજરૂપે શું દરેક યુવાનોએ અને દરેક પરિવારે બિનજરૂરી ખર્ચા ટાળવાનો કે કરકસર કરવાનો આ મંત્ર શીખવા જેવો જરૂરી નથી લાગતો ? અને પછી પેટ ભરવા 'આર્થિક બોજ' જેવો શબ્દ આપણે માટે નહીં રહે. કારણ કે સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** કહે છે : **'કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા.'**

> ભગવાન શ્રીહરિ કહે છે : "રાજા હોય તોએ શું ? અને પ્રજા હોય તોએ શું ? અમે તો બધાની વાત કરીએ છીએ. ખાવા માત્રથી કોઈને ધન ખૂટતું નથી. અને જે ફેલ કરે છે તેને લેશમાત્ર પણ ધન રહેતું નથી.

### ● યોગ્ય રીતે બચત કરીએ :

કોઈપણ બાબતમાં પ્લાનિંગથી આગળ વધાય તો જરૂર બચત થાય. ચાહે તે સમયની બાબત હોય કે પૈસાની. આવે એટલા રૂપિયા ઉડાડી ન મારવા, થોડું થોડું ભેગું કરી તેની ભવિષ્ય માટે **બચત** કરવી. બચત કરેલા પૈસાનું પ્લાનિંગ કરી વીમા, ફિક્સ ડિપોઝિટ, રિકેરિંગ યોજના વગેરેમાં બચત કરવી જે આપણા જીવનમાં ભવિષ્યમાં આવતાં સુખ-દુઃખના સમયમાં ટેકારૂપ બની શકે.

ભવિષ્યમાં આવનાર નિર્ધારિત ખર્ચા અંગે વિચાર કરી સમયાંતરે બચત કરતા રહેવું. જેથી 'ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે પાળ બંધાતી જાય.' રોજબરોજનો વ્યવહાર ખૂબ ઠાવકાઈથી કરવો. રોજિંદી અથવા જીવનજરૂરી ચીજવસ્તુઓ માટે મોલ, પ્રદર્શન કે સેલમાં ખરીદી કરવા જઈએ ત્યારે આકર્ષક પૅકિંગની જાળમાં ફસાઈ જરૂર કરતાં વધારે વસ્તુની ખરીદી ન કરવી. ઘરેથી યાદી બનાવી નક્કી કરીને જ જવું.

એક પરિવારના સભ્યો મોલમાં ગયા હતા. કોઈ ખરીદી કરવાની જરૂર ન હતી છતાંય તેઓ મોલમાંથી બહાર નીકળ્યા ત્યારે દશ હજાર રૂપિયાની વસ્તુ ખરીદી હતી. તેમણે ઘેર આવીને વિચાર્યું કે આમાંથી કેટલી વસ્તુ જરૂરી હતી ? તો એક પણ નહીં. જો મોલમાં ન ગયા હોત તો દશ હજાર રૂપિયા બચી જાત. માટે નજેવા રૂપિયાનો જ ફેર પડતો હોય તો નજીકની દુકાનમાંથી ખરીદી કરવી **વધું હિતાવહ** છે.

આવી રીતે થતાં ખોટા ખર્ચા પર અંકુશ મૂકીને પણ બચત કરવાની **ટેવ** પાડીએ. કોઈ જગ્યાએ ફ્લૅટ-જમીનમાં રોકાણ કરવું જોઈએ જેથી જરૂરી સમયે વેચી શકાય. જ્યારે આવક હોય ત્યારે તેનો યોગ્ય રીતે ઉપયોગ કરી બચત કરવી, નહિતર 'હોય ત્યારે તાનામાના અને ના હોય તો છાનામાના.' એટલે કે હોય ત્યારે ઉડાડો અને ના હોય ત્યારે છાનામાના બોલ્યા વિના બેસી રહો એવી પરિસ્થિતિ થાય.

### ● ખોટું કરજ ન કરવું કે ન રહેવા દેવું :

ઋતુ બદલાતાં આપણે આપણા જીવનમાં ફેરફાર કરીએ છીએ. જીવનમાં સો દિવસ સરખા જતા નથી. તેથી આપણા જીવનમાં ઋતુની જેમ સ્થિતિ-પરિસ્થિતિ બદલાતાં જીવનશૈલીમાં પણ ફેરફાર કરવા જોઈએ. દરેક સ્થિતિ-પરિસ્થિતિમાં હકારાત્મક અને નકારાત્મક એમ બંને પાસાંનો વિચાર કરવો જોઈએ. નહિ તો માટીના ઢેફા અને પાંદડા જેવી સ્થિતિ થાય.

માટીના ઢેફા અને પાંદડા વચ્ચે ગાઢ મિત્રતા થઈ. એક દિવસ માટીના ઢેફાએ પાંદડાને કહ્યું : "ચોમાસાનો સમય નજીક છે તો પવન ફૂંકાય તો હું તારા પર બેસી જઈશ તેથી તું બચી જઈશ." પાંદડાએ પણ માટીના ઢેફા પ્રત્યે લાગણી દર્શાવતાં કહ્યું : "વરસાદ આવે ત્યારે હું તારા પર બેસી જઈશ તેથી તું બચી જઈશ." આ બંનેનો વાર્તાલાપ ઝાડ નીચે સૂતેલા મુસાફરે સાંભળ્યો. તેણે કહ્યું : "ભાઈ ! પવન અને વરસાદ બેઉ સાથે આવશે તો શું કરશો ?" પાંદડું અને માટીનું

ઢેકું વિચારવા લાગ્યા કે, ''આપણે એક પરિસ્થિતિનો જ વિચાર કર્યો. હકારાત્મક અને નકારાત્મક બેય પાસાં વિચારીએ તો જ જીવનમાં સુખી થવાય અને પસ્તાવાનો વારો ન આવે.'' માટે આપણા જીવનમાં પણ સ્થિતિ-પરિસ્થિતિ માટે વિચારીને પગલાં લેવા જોઈએ.

સા.ગુ. શ્રી આધારાનંદ સ્વામી રચિત 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં **ભગવાન શ્રીહરિ** કહે છે : ''રાજા હોય તોએ શું ? અને પ્રજા હોય તોએ શું ? અમે તો બધાની વાત કરીએ છીએ. ખાવા માત્રથી કોઈને ધન ખૂટતું નથી. અને જે ફેલ કરે છે તેને લેશમાત્ર પણ ધન રહેતું નથી. ફેલમાં તો મોટા મોટા રાજાઓ પણ ડૂબી જાય છે. તેને માથે તો કરોડોના ખાતાં લખાતાં હોય છે. જેટલા કરજદાર હોય છે તે બધા ધીરધાર કરનારાના ઘરને ધનથી ભરી દે છે. બુદ્ધિશાળી મનુષ્ય વિચારીને જુએ છે કે, ફેલ કર્યા વિના ક્યારેય દેણું-કરજ થાતું નથી. જે માણસ વગર વિચારે પગલું ભરે છે, તેને ક્યારેક તો મુશ્કેલી (વિઘ્ન) આવે જ છે.

**'દેનો શિર રહત જ્યાં લગહિ, સંપતિ જેતિ ઘર મેં ત્યાં લગહિ;**
**પરકી સો દેખત બુદ્ધિમાના, ગમે તેતને કરે અભિમાના.**
**રણરૂપ પિંજરે હે અગાધા, જબ ન કરે જો જાકુ બાધા;**
**શ્રેષ્ઠ મેં શ્રેષ્ઠ બુદ્ધિ સો વંતા, તા વિન બુદ્ધિ ડોલ દેખંતા.'**

જ્યાં સુધી માથે દેણું હોય ત્યાં સુધી ઘરમાં જેટલી સંપત્તિ હોય તે પારકી જ છે એવું બુદ્ધિશાળી દેખે છે. ભલેને તે પછી ગમે તેટલું અભિમાન કરીને ફરતો હોય ! ઋણ-કરજનું પાંજરું ઘણું ઊંડું હોય છે. જ્યાં સુધી માણસને તે કરજ પીડતું નથી ત્યાં સુધી તેને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બુદ્ધિવાળો જાણવો. પણ જો કરજ થઈ જાય તો તેની બુદ્ધિ ડોલતી-અસ્થિર દેખાય છે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૫)

## ● કરજથી બચવા શું કરવું ?

**૧. પોતાને મોટા માની ન લેવા :** દરેક વ્યક્તિને મોટા થવાના જ અભરખા રહેતા હોય છે. ચાહે પછી સંસારનો વ્યવહાર હોય, ધંધો-વ્યવસાય હોય, મંદિર હોય કે સામાજિક સ્ટેટસ હોય. 'જાનમાં કોઈ જાણે નહિ ને વરની ફઈ હું.' એમ ભલે કોઈ એવી મોટપના ગુણ, સત્તા કે સ્થિતિ ન હોય તોપણ 'હું કંઈક છું', 'મારે મારા સ્ટેટસ પ્રમાણે રહેવું પડે' એવું અજ્ઞાન માનસમાં પેસી જાય છે. તેથી વેંત ન હોય તોપણ પારકા પૈસા લાવીને પોતાની મોટપ બતાવવાનો પ્રયત્ન થાય.

વેંત વગરનો ખર્ચ કરી છેવટે જીવન ખુવાર કરવાનો વારો આવે તેવું ન કરવું. તેથી જ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના ૧૪૫માં શ્લોકમાં આજ્ઞા કરી છે કે, ''પોતાની ઊપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો પણ તે ઉપરાંત ન કરવો, અને જે ઊપજ કરતાં વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે તેમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું.''

**૨. આવક-ખર્ચનું નામું લખવું :** ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીના ૧૪૬માં શ્લોકમાં આજ્ઞા કરી છે કે, ''પોતાના વ્યવહાર કાર્યને વિષે જેટલા ધનની ઊપજ હોય તથા જેટલો ખર્ચ હોય તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતાનું નામું લખવું.''

ઘરમાં રોજિંદા વપરાશના તથા ધંધા-વ્યવસાયમાં રોજે રોજ થતા ખર્ચાને નોંધી તેની મહિના દરમ્યાનની આવક સાથે સરખામણી કરવી કે ખરેખર આવકના પ્રમાણમાં જ ખર્ચ થાય છે કે વધી જાય છે તેનો નિરંતર તપાસ રાખવો. જો ખર્ચ વધી જતો હોય તો મોજશોખની તથા જે વસ્તુથી ચાલી જતું હોય તેવી વસ્તુના ખર્ચમાં કાપ મૂકવો. જ્યાં જરૂર છે ત્યાં જ ખર્ચવા. આવી રીતે આવકના પ્રમાણમાં ખર્ચા વધવા ન દેવા. જો નામું જ ન લખાય તો પાંચ હજારની સામે દસ હજારના ખર્ચા થઈ જાય ને છેવટે પછી કરજ થઈ જાય. દેવું ક્યાંય પહોંચી જાય માટે ઘર માટે અને ધંધા-વ્યવસાય માટે જુદી નોટબુક કે ડાયરી રાખી તેમાં અવશ્ય દરરોજ નામું લખવું જ, જેનાથી નફા-નુકસાનનો ખ્યાલ આવે.

'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ** ગઢપુરમાં જીવાખાચરને **'વિચાર્યા વિનાનો ખર્ચ કરે તેને અપાર દુઃખ આવે'** તે સંબંધી વાત કહે છે :

જ્યારે શ્રીહરિ નારાયણઘાટે સ્નાન કરવા જતા અથવા તો ખળખળિયામાં જ્યારે સ્નાન કરવા જતા ત્યારે નાહીને પાછા સંતો તથા હરિભક્તોની સાથે ગામમાં આવતા, ત્યારે દરબાર જીવાખાચરના દરબારગઢમાં આવતા. અને તે વખતે જીવાખાચરના દરબારમાં દસ, વીશ કે ત્રીશ જેટલા મહેમાનોના અશ્વ બાંધેલા રહેતા. અને જે રીતના મહેમાન હોય તે રીતનું તેને જીવા ખાચર ભોજન જમાડતા હતા. જીવા ખાચર કોઈ દિવસ મહેમાનને 'તમારે જવું હોય તો જાઓ' એમ કહેતા નહિ. મહેમાન કહે, 'અમે ક્યાં સુધી રોકાઈએ ?' તો તેઓ કહેતા કે, 'તમે જ તમારા મનમાં વિચારો કે મારે એક દિવસ રહેવું કે એક ટાણું રહેવું ?' કેમ જે, જે સમજુ માણસ હોય તેને કહેવું પડતું નથી. જે આવેલા મહેમાન હોય તેને કોઈ બાબતે કહેવું પડે તો તેમાં તેટલો વિવેક કહેવાય નહિ. જે વિવેકી મનુષ્ય હોય છે તે કોઈના ઘેર મહેમાન થાય ત્યારે પોતાનો રોજનો જેટલો ખર્ચ હોય તેની પોતે રોજ તપાસ કરે. પછી જ્યારે ત્યાંથી ચાલતા થાય ત્યારે તેના ઘરધણીને જેટલા પૈસા થયા હોય તેટલા આપીને જાય, તે વિવેકી કહેવાય છે. પછી તે પૈસાને ઘરધણી લે કે ન લે, પણ સમજુ માણસમાં તો આવો વિવેક રહ્યો હોય છે. અને આવા વિવેક વગરના માણસ

તો પેટભરામાં ખપે છે.

જીવા ખાચરને રોજ દસ રૂપિયાનો ખર્ચ મહેમાનોને જમાડવામાં થતો હતો. જીવા ખાચરને ત્યાં મહેમાન જો સંબંધી હોય તો દેખીને શ્રીહરિ તેમને કહેતા હતા કે, જે મોટા મોટા રાજાઓ હોય છે, જેની પાસે કરોડો રૂપિયાનું નાણું હોય છે, તેને દર વર્ષે નવી ઊપજ પણ આવતી હોય છે. છતાં તે રાજાઓ પોતાના ખર્ચનું નામું લખતા રહે છે અને ત્યારે જ તે બુદ્ધિમાન કહેવાય છે. પોતાના સગાં સંબંધી ઘેર આવે તે સિવાય બીજા મહેમાન પણ આવે; તમારે તેનું કાંઈ ધાર્યું રહેતું નથી. જેને કોઈ જાતનું નિયમ ન હોય તેને સર્વે ગામ પણ કબજામાં રહેતા નથી, છતાં પણ તે જોવું પડે છે. ગામ, ગરાસ કે આવકનાં સાધનો પોતાનાં સુખને માટે હોય છે. જે સુખી થવાના રસ્તાનો ત્યાગ કરીને જેનાંથી દુઃખ થાય તેવું કરે અને આવે માર્ગે જે ચાલે છે તેને તો કહી ન શકાય તેટલું બધું દુઃખ આવે છે.

જ્યારે મનુષ્ય વગર વિચારે ખર્ચ કરે છે ત્યારે તેને માથે પાર વગરનું કરજ થઈ જાય છે. તૂટી ગયેલું સરોવર ગમે તેટલું વિશાળ હોય તોપણ તેમાં ક્યારેય પૂરું ભરાયેલું પાણી રહેતું નથી. ગમે તેટલો વરસાદ વરસે છતાં તૂટેલું સરોવર તો હંમેશાં ખાલીનું ખાલી જ રહે છે. કેટલાક તો એવો વ્યવહાર કરે છે કે તે વ્યવહારમાં તે ખૂબ યશ માનતા હોય છે. અને જેમાં યશ મળવાનું માનતા હોય છે તેમાં તેને લાજ આબરૂ બંધાઈ જાય છે. **જે લોકો દુઃખમાં પણ સુખ માને છે તેને ક્યારેય દુઃખ ટળતું નથી.** પછી કોઈ હિતેચ્છુ તેને સાચા સુખની વાતો કરતા હોય છે, પણ તે વાત જો હેત ન હોય તો મનાય નહિ. પોતાને સુખ થાય એવું કામ કરતા આવડે નહિ અને બીજા જો કરી દે તો તેને ક્યારેય માને નહિ. કોઈ અમારું ઝાઝું ન માને તોપણ જે અમારા પોતાના કહેવાતા હોય છે તેને તો અમે કહીએ છીએ.

અમારો તો એવો સ્વભાવ છે કે, 'કહ્યા વિના અમને શાંતિ ન થાય. જેની સાથે અમારે જેટલું હેત હોય તેટલું તેને કહીએ છીએ. અને પછી તે તેમ કરે છે. જે અમારો વિશ્વાસ રાખતા હોય તેને અમે ક્યારેય દુઃખી થવા દેતા નથી. અમારો વિશ્વાસ હોય, પણ અમારું કહ્યું ક્યારેય કરે નહિ એવા લોકો તો દુઃખ જ પામતા રહે છે. છતાં તે દુઃખને દેખતા નથી. અને જ્યાં સુધી તેને દુઃખ દેખાય નહિ ત્યાં સુધી તે સંસારમાં ભટકતા રહે છે.

શ્રીહરિની આવી વાત સાંભળીને **જીવા ખાચર** બોલ્યા, "મહારાજ, આપ જેટલી વાત કરો છો તે અમારે માટે ઉપયોગી છે. એક પણ વાત બિનઉપયોગી નથી. જેટલું મનાતું નથી તેટલું તેને દુઃખ સહન કરવું પડે છે. આપ તો હંમેશાં નિર્દોષ રહો છો અને જેવા નિર્દોષ છો તેવી જ વાત કરો છો. કોઈ બીમાર માણસ હોય, તેને ખાવાનું અનેક પ્રકારનું તૈયાર કર્યું હોય તેમાંથી એક પણ ભોજન જો રુચે નહિ તો તેમાં ભોજનનો વાંક નથી, વાંક તો રોગીનો છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૩)

**૩. દેખાદેખી ન કરવી કે વાદ ન લેવો :** વ્યક્તિ પોતાના દુઃખે દુઃખી નથી થતી તેના કરતાં વધુ અન્યનું સુખ જોઈને દુઃખી થઈ જાય છે. નજીકના સગાંસંબંધી, મિત્રવર્તુળમાં કે આડોશી-પાડોશીમાં કોઈની આર્થિક પરિસ્થિતિમાં બદલાવ આવતાં તે નવું મકાન કરે કે નવી વસ્તુ કે કપડાં ખરીદે તો તરત જ તેનો વાદ થાય અથવા તેના કરતાં વધારે સારા દેખાવા કે વટ પાડવા માટે વેંત ન હોય તોપણ ખર્ચા કરવાથી કરજ થાય. ધંધા-વ્યવસાયમાં પણ દેખાદેખી ને વાદ થતા હોય, કોઈએ લગ્નમાં, વાસ્તુમાં કે અન્ય પ્રસંગોમાં ખર્ચા કર્યા હોય તેનાથી વધારે સારા દેખાવવા પણ પ્રસંગોમાં તોફા કરવાથી કરજ થઈ જાય. માટે પોતાની જેટલી આવક હોય તેટલી જ સ્થિતિમાં રહેવું, દેખાદેખીમાં કોઈનો વાદ ન લેવો.

ઘરમાં રોજિંદા વપરાશના તથા ધંધા-વ્યવસાયમાં રોજે રોજ થતા ખર્ચાને નોંધી તેની મહિના દરમ્યાનની આવક સાથે સરખામણી કરવી કે ખરેખર આવકના પ્રમાણમાં જ ખર્ચ થાય છે કે વધી જાય છે તેનો નિરંતર તપાસ રાખવો.

આ ઉપરાંત આવક, ખર્ચ, કરજ અને વ્યવહારના લેતી-દેતીના વ્યવહારો ચોખ્ખા રાખવા. લેખિતમાં જ કરાર કરવા, મૌખિક કરાર ન કરવા. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ **શિક્ષાપત્રી**ના ૧૪૩મા શ્લોકમાં **આજ્ઞા** કરી છે કે, "...સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી અને ધનના લેણદેણ કરીને વ્યવહાર જે તે ક્યારેય ન કરવો."

ભગવાન શ્રીહરિના લાડીલા ભક્તજનો ઉપરોક્ત તમામ **મહાપુરુષોની ભલામણો** શ્રીજીમહારાજ, ધર્મકુળ અને સંતો-ભક્તોના રાજીપા અર્થે પોતાના જીવનમાં **લક્ષ્યાર્થ** કરી સદાય સુખિયા રહે એવી **શુભ અપેક્ષા** સહ...



# સાચા અર્થમાં અર્થવ્યવસ્થા : વેદ ગ્રંથનાં આધારે

**પાર્ષદ સંદિપ ભગત,** ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

પુરાણકારોએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ - એ ત્રણ દેવને ત્રિલોકાધિપતિ માન્યા છે તેમજ સરસ્વતી, લક્ષ્મી અને સતી - એ ત્રણ શક્તિઓ એમની સાથે રાખી છે. તેમાં સરસ્વતી વિદ્યાની દેવી છે, લક્ષ્મી ધન-સંપત્તિની દેવી છે અને સતી સ્વયં શક્તિ છે.

અહીં પુરાણકારોએ ધનની અધિષ્ઠાત્રી દેવી વિષ્ણુની પાસે રાખી છે. કારણ કે, એ પાલન અર્થાત્ સંરક્ષણના દેવતા છે. એમને જ સમગ્ર બ્રહ્માંડનું પાલન તેમજ અંદર અને બહારના શત્રુઓથી સંરક્ષણ કરવાનું છે. માટે જીવપ્રાણીમાત્રના જીવનનો ઉત્તમ વ્યવહાર ચલાવવા માટે ધન અવશ્ય જોઈએ. એટલા માટે વિષ્ણુની સાથે લક્ષ્મી (ધન) છે. એ જ પુરાણ પ્રસિદ્ધ લક્ષ્મીનારાયણનું જોડલું છે.

અહીં 'નારાયણ' શબ્દનો અર્થ થાય છે - 'नरेषु - अयनम् इति' અર્થાત્ નરોમાં જે જાય છે, જે નરોના સુખદુઃખનો વિચાર જાતે તેમની સ્થિતિ જોઈને કરે છે, જે નરોનું સંરક્ષણ કરે છે તે જ નારાયણ છે. અને તેને જ પ્રજારક્ષણનું કાર્ય સારી રીતે કરવા માટે ધન (લક્ષ્મી) જોઈએ. પુરાણ વિદિત લક્ષ્મીનારાયણના જોડલાનો એ ભાવાર્થ જ કદાચ સાંપ્રત સમાજને અનુકૂળ છે અને વેદવિદિત પણ છે.

બીજી મહત્ત્વની બાબત એ છે કે, વિષ્ણુની પાસે મહાલક્ષ્મી જેવી સુંદર તરુણી સ્ત્રી છે, પણ કોઈ સંતાન નથી. તેનો સુંદર અર્થ શ્રીપાત્ દામોદર સાતવલેકરજી કંઈક એવો કરે છે કે 'વિષ્ણુ ભગવાનને પ્રજારક્ષણનું કાર્ય એટલું કરવું પડે છે કે એમને પોતાના ઘર તરફ જોવાની પણ ફુરસદ નથી. તેથી તેમને કદાચ કોઈ સંતતિ નથી.' એમ કહી પછી આ સમગ્ર વાતનો ખૂબજ ઉપયોગી સિદ્ધાંત આપતા સાતવલેકરજી કહે છે કે, 'જે રાજ્યનો અધિકારી પ્રજારક્ષણનું કાર્ય વિષ્ણુ જેવા ખંતથી, એવી જ દક્ષતાથી કરશે તેનાથી જ પ્રજાનું સંરક્ષણ ઉત્તમ રીતિથી થશે.'

એમની વાત ખૂબજ સ્પષ્ટ અને યોગ્ય છે. વિષ્ણુ ભગવાનની પાસે પ્રજા સંરક્ષણ કરવાને માટે સંપત્તિ છે. તે તેના પોતાના ઉપભોગને માટે નથી. જે ધન છે તે બધું જ વિષ્ણુ ભગવાન પ્રજારક્ષણના કાર્યમાં ઉપયોગ કરે છે. ભગવાન વિષ્ણુના ઉદાર ચરિતના માધ્યમથી પુરાણકાર ભગવાન વેદવ્યાસજીએ 'રાજ્યશાસક કેવો **નિઃસ્વાર્થ** હોવો જોઈએ' એ **આદર્શ** સાંપ્રત યુગના પ્રજાપાલકો સામે મૂક્યો છે. અને હા, આ આદર્શ આપણી આ લેખમાળાના વિષયને સમજવામાં પણ અત્યંત ઉપયોગી અને અનુકૂળ છે. તેથી

વાંચકો એને ખાસ સ્મરણમાં રાખે એવી નમ્ર વિનંતિ.

હવે આપણે સમજીએ 'સાચા અર્થમાં **અર્થવ્યવસ્થા** : વેદનાં આધારે...'

ધન, ઐશ્વર્ય, સંપત્તિ, વૈભવ, પૈસા, સુવર્ણ, રત્ન, ગાયો, ઘોડાઓ, રથ, નોકર-ચાકર, ઘર, જમીન, સ્ત્રી, પુત્ર, ધાન્ય જેવા પદાર્થો કે જેની પ્રાપ્તિથી અર્થાર્થી માનવ પોતાને ધન્ય માને છે. તેને ધન અથવા અર્થ કહેવાય છે.

તેની વ્યવસ્થા એટલે અર્થવ્યવસ્થા અર્થાત્ કયા ધન પર કોનો અને કેટલો અધિકાર છે ? ક્યાં સુધી અધિકાર છે ? એ બધા જ પ્રશ્નોના જવાબ એટલે અર્થવ્યવસ્થા. તો આવી અર્થવ્યવસ્થા વૈદિક પ્રણાલીમાં કેવી રીતે થતી હતી અને એ સાંપ્રત સમયમાં કેટલી ઉપયોગી છે તેના પર થોડું મનન કરીએ.

## ● ધન કોનું છે ?

વેદમાં 'कस्य स्वित् धनम्' (યજુર્વેદ : ૪૦/૧) આ **એક વાક્ય** છે. જેનો સીધો **અર્થ** થાય છે 'ભલા ધન કોનું છે ?' આખી દુનિયામાં અત્યારે આ જ પ્રશ્ન છે. અને આ પ્રશ્ન સહેલાઈથી સ્પષ્ટ થાય એમ નથી. ઘણું જ પ્રામાણિક મનોમંથન માંગી લે એવો આ પ્રશ્ન છે. અને કદાચ, આ પ્રશ્નના ગોટાળામાં જ ક્યાંક આજકાલ ચાલતી આર્થિક મંદીના મૂળ છે. તેથી જ વેદના આ પ્રશ્ન ઉપર મનોમંથન આવશ્યક બની જાય છે કે, આખીર 'कस्य स्वित् धनम्'

અહીં 'स्वित्' શબ્દ બહુ મહત્ત્વનો છે. અમર કોશકાર એનો અર્થ કરતા કહે છે : 'स्वित् प्रश्ने च वितर्के च' અર્થાત્ 'स्वित्' એટલે પ્રશ્ન અથવા વિતર્ક.

'स्वित्' પદમાં ધન કોનું છે ? એ પ્રશ્ન પણ છે અને શું ધન વ્યક્તિનું છે ? અથવા સમાજનું છે ? જ્ઞાતિનું છે ? રાજ્યાધિકારીનું છે ? વિદ્વાનનું છે ? યજ્ઞને માટે છે ? કે પછી પરમેશ્વરનું છે ? એવા અનેક વિતર્ક પણ છે.

ટૂંકમાં, 'कस्य स्वित् धनम्' વાક્યમાં ધન આખીર કોનું છે ? એ પ્રશ્ન પણ છે. અને અનેક હક્કદારોમાં 'કોનું છે' એ તર્ક પણ એમાં જ છે.

આ અર્થોના ગૂંચવાડામાં હજુ અધુરું હોય એમ અમુક કોશકારો 'स्वित्' શબ્દનો ત્રીજો પણ અર્થ સૂચવે છે. અને તે છે 'निश्चयः' અર્થાત્ નિર્ધાર. અને જ્યારે 'स्वित्' શબ્દનો 'निश्चयः' અર્થ કરીશું ત્યારે 'कस्य' શબ્દનો 'પ્રજાપતિનું' એવો અર્થ સ્વીકારવો પડશે. કારણ કે 'प्रजापतिर्वै कः' (શતપથબ્રાહ્મણ) એ વચન પ્રમાણે ષષ્ઠી વિભક્ત્યંત 'कस्य' પદનો મૂળ શબ્દ છે 'कः' તેનો અર્થ થાય છે : 'પ્રજાપતિ.'

આ બધા તર્ક-વિતર્ક અને મીમાંસાના અંતિમ સારરૂપે એમ કહી શકાય કે, 'कस्य स्वित् धनम्' એમાં જે પ્રશ્ન-વિતર્ક અને નિશ્ચય છે એ ત્રણેયના અલગ-અલગ અર્થ થયાં.

આ વિષયની **ચર્ચા** અનેક ટીકાકારોએ લાંબીલચક કરી છે. એ બધું વાંચીએ અને વિચારીએ તો મૂળ પ્રશ્ન જ ભૂલી જવાય એવું છે. પરંતુ આપણે અહીં ટૂંકમાં સમજવા **પ્રયત્ન** કરીશું.

૧. ધન કોનું છે ? એ પ્રશ્ન.

૨. ધન આનું કે પેલાનું ? એ વિતર્ક.

૩. ધન પ્રજાપતિનું. એ નિશ્ચય.

ધન કોનું છે ? આ પહેલા અર્થથી એ બોધ મળે છે કે, ધન પર અધિકાર ધરાવનાર અનેક છે. એમાંથી ધન આખીર છે કોનું ?

જેની પાસે ધન છે તે આ ધન 'મારું' એવું કહે છે, એના પુત્રો પણ કહે છે કે, પિતાનું ધન 'મારું' છે. ચોર લૂંટારાઓ કહે છે કે, ધન 'અમારું' છે તો બીજીબાજુ સરકાર કહે છે કે, ધન 'અમારું' છે અને પ્રજા પાસે વધુ કર (Tax) લઈને તિજોરીમાં રાખી પણ દે છે.

આટલા બધા એના પર પોતાનું સ્વામીત્વ બતાવી રહ્યા છે. સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ સમાજ અને ધર્મકાર્ય માટે ધનવાનો પાસે ધન માગે છે. આટલા બધા લોકો ધન ઉપર પોતાનો અધિકાર બતાવે છે, તો આખીર બધામાં 'कस्य स्वित् धनम्' 'ધન ભલા કોનું છે ?' એ આ વેદમંત્રનો ભાવાર્થ છે.

આ સૃષ્ટિની રચના થઈ ત્યારથી કોઈ નિર્બળ પાસે ધન હોય તો બળવાન આવીને તેની પાસેથી તે લૂંટી લે છે. એથી ધન નિર્બળનું કહી શકાતું નથી. તેથી વેદમાં અનેકવાર કહેવાયું છે કે, 'सुवीरां रविं आभर ।' ઉત્તમવીર જેનું સંરક્ષણ કરે છે તેવું ધન અમને જોઈએ.

તાત્પર્ય એ છે કે પોતાના ઘરમાં રહેનારાઓની અંદર વીરતા હોય અથવા પોતાના પુત્રો વીર હોય જે પોતાનું સંરક્ષણ કરી શકે. તો તેમના દ્વારા રક્ષાયેલું ધન આપણી પાસે રહી શકે છે. તેથી વીરનું ધન છે, એમ આપણે કહી શકીએ. પરંતુ વળી પાછો એમાં એક ગંભીર પ્રશ્ન ઉદ્ભવે છે કે ગમે તેવો વીર હોય, ભલેને મૂછે લીંબુ લટકતા હોય ! આખી ત્રિલોકીને એક ખોખારાથી ધ્રુજાવતો હોય તો પણ એકને એક દિવસ એ મરી જવાનો છે. એનું નામોનિશાન મટી જવાનું છે. એટલા માટે જ પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે : **'પગ ઠેલી પર્વત પાડતા, નભ તારા નખથી ઉખાડતા, કરી અંજલી સિંધુ પી જતા, નવ જાણે જન કોઈ ક્યા હતા.'** એવા શૂરાઓના નામોનિશાન તો મટી ગયા. પરંતુ જે ધન પોતાનું કરીને રાખ્યું હતું તે બધું અહીંને અહીં જ રહી ગયું ! એક કાણો પૈસો ય કોઈની સાથે ગયો નથી.

તો પછી ધન વીરોનું એમ પણ આપણે કેવી રીતે કહી

શકીએ ?

ફરી પાછો એનો એ જ પ્રશ્ન કે તો ભલા આખીર ધન કોનું છે ?

અહીં સમાજના ચોકમાં કોઈ કલાકાર કે કારીગર આવીને કહે છે કે, અમે અમારી કલા-કારીગરી દ્વારા ધન પેદા કરીએ છીએ. માટે ધન અમારું છે. ખેતમજૂરો અને ખેડૂત કહે છે કે, અમે ખેતી કરીએ છીએ અનાજ ઉત્પન્ન કરીએ છીએ અને આ બધા વેપારીઓ ઘરમાં બેઠા માખણ ખાય છે એ નહિ ચાલે. ધન એનું છે જે જમીનની સેવા કરે છે.

તો વળી, વૈશ્યો એવો દાવો કરે છે કે, અમે ધન ઉદ્યોગોમાં રોકીએ છીએ. કળ અને યંત્રનો ઉપયોગ કરીને દેશ-વિદેશમાં વ્યાપાર કરીએ છીએ. અલગ-અલગ યોજનાઓ કરીને ધન પેદા કરીએ છીએ માટે ધન અમારું છે. અને અમે જો આયોજન ન કરીએ તો કલાકારો, કારીગરો, ખેડૂતો અને મજૂરો શું કરી શકે ? માટે ધન અમારું છે.

તો ક્ષત્રિયો કહે છે કે, અમે બધાનું સંરક્ષણ કરીએ છીએ. લૂંટમાર થવા દેતા નથી. હુલ્લડ અને યુદ્ધ થાય તો અમારું જીવન સંકટમાં નાખીને પણ અમે તમારા બધાનું અને તમારી બધી યોજનાઓનું સંરક્ષણ કરીએ છીએ. અમે ન રહીએ તો 'જેની લાઠી તેની ભેંસ' થઈ જાય. તેથી ધન પર સાચો અધિકાર અમારો છે.

તો વળી, બ્રાહ્મણો પણ કહે છે કે, અમે પૂજાપાઠ-કર્મકાંડ-યજ્ઞ વગેરે કરાવીને દેવતાઓની શક્તિની અનુકૂળતા સંપાદન કરીએ છીએ. જેથી વૃષ્ટિ થાય છે, બધાના મનને શાંતિ અને સમાધાન મળે છે. અને તે સમાધાન વૃત્તિથી જ તમે બધા કાર્યો સફળ કરી શકો છો અને ધન ઉત્પન્ન કરી શકો છો. માટે ધન ઉપર સાચો અધિકાર તો અમારો છે.

આ રીતે પોતપોતાના પક્ષનું સમર્થન કરવાનું નામ વિતર્ક છે.

હજુ એક મહત્ત્વની બાબત એ છે કે, 'स्वित्' શબ્દમાં 'सु+इत्'માં 'इ' ધાતુ પ્રગતિ, જ્ઞાન સંપાદન અને સ્મરણ અર્થમાં છે. આવી રીતે 'सु+इत्' મળીને 'स्वित्' શબ્દ બન્યો એનો અર્થ ઉત્તમ પ્રગતિ. ઉત્તમ જ્ઞાન-સંપાદન અથવા મેળવેલા જ્ઞાનનું ઉત્તમ રીતે સ્મરણ કરવું, એવો થાય છે.

આ અર્થ લઈએ તો 'कस्य स्वित् धनम्' મંત્રનો ભાવાર્થ એવો કરી શકાય કે, ધન કોનું છે ? એ નિર્ધાર કરવાથી પ્રજાની ઉત્તમ પ્રગતિ થશે, બધાને ઉત્તમ જ્ઞાન મળશે અને બધાની મેધાબુદ્ધિ વિશાળ થશે. માટે ધન આખીર કોનું છે ? એ નિર્ણય કરવો. તેના ઉપર મનન કરવું તે કાર્ય 'સર્વજન હિતાવહ' છે.

સર્વ પ્રકારના ઝઘડાઓ, કલહ, કંકાસો, હરિફાઈ અને યુદ્ધ ધનને કારણે જ થાય છે. માટે વેદમાં યુદ્ધનું એક નામ 'મહાધન' છે. ધન ન રહે તો કોણ કેની સાથે શા માટે યુદ્ધ કરે ? તેથી વેદે યુદ્ધનું મૂળકારણ ધન જ માન્યું છે અને એટલા માટે 'कस्य स्वित् धनम्' આ ધનના સ્વામીત્વનો વિચાર પણ વેદે જ બતાવેલો છે. એ એટલા માટે કે લોકોને આ જ્ઞાન મળે અને યુદ્ધથી દૂર હટી આનંદથી પ્રભુભજન કરી શકે.

વેદમાં યુદ્ધના નામોમાં 'મમસત્યં' એવું પણ એક નામ છે. અહીં વેદનું તાત્પર્ય એ છે કે, ''મારો મત સાચો છે, હું કહું છું તે જ સત્ય છે'' એવા દુરાગ્રહથી યુદ્ધ થાય છે. માટે 'कस्य स्वित् धनम्'ના માધ્યમથી વેદ એવો બોધ આપે છે કે 'અહીં મારી શું સંમતિ છે તેનો દુરાગ્રહ અને ઝઘડો ઊભો ન કરતા નિષ્પક્ષ વિચારથી નિર્ણય કરવો જોઈએ કે ધન આખીર છે કોનું ?'

વેદમાં 'वाजसाती' શબ્દનો પ્રયોગ પણ યુદ્ધના પર્યાય શબ્દ તરીકે જ થયેલો છે. 'वाजसाती' શબ્દનો અર્થ 'ધનની વહેંચણી' એવો થાય છે. દુનિયાના મોટા ભાગના ઝઘડા ધનની વહેંચણીમાંથી જ ઉદ્ભવે છે. કદાચ, વર્તમાન સમયની આર્થિક મંદીનું કારણ પણ આવું જ કંઈક છે. એવું અનુમાન આપણે એટલા માટે કરી શકીએ કે, ભારતમાં ધન તો તેજીના સમયમાં હતું એટલું જ છે. તેમાં ક્યાંય ઓછપ આવી હોય એવું નથી. પણ કોણે કેટલો સંગ્રહ કરી લીધો છે એ બાબત અહીં વિચારણીય છે.

ખેર, આપણી ચર્ચામાં પાછા આવીએ. તો ઉપર અનેક પક્ષોની જુબાની આપણે સાંભળી. તેમાં દરેક પક્ષનો વક્તા એક જ દાવો કરે છે કે, ધન મારું છે. અને એને મેળવવા જ દિવસ-રાત ઉધામા કરે છે. કાવા-દાવા કરે છે. ચોરી-લૂંટફાટ-મારામારી કરે છે. અરે ! માણસ ધન માટે કોઈની ઘાત કરતા સુદ્ધાં અચકાતો નથી. પરંતુ વેદ માણસના આવા કરતુતોને પશુવૃત્તિ કહે છે. માણસ પશુ કરતા શ્રેષ્ઠ પ્રાણી હોવા છતાં આટલી હદ સુધી પહોંચી જાય એ એના માટે બિલકુલ શોભાસ્પદ નથી.

એક **સુલતાન** હતો. તેણે પોતાના શાસનકાળ દરમ્યાન પોતાના સૈન્ય સાથે દેશદેશાવરમાં ફરીને કતલ અને લૂંટ કરીને અગણ્ય ધન એકઠું કર્યું. પછી તેની અંતિમ અવસ્થા આવી ત્યારે તેણે કહ્યું કે, ''મારું બધું ધન મારી પથારીની આજુબાજુ ઢગલા કરીને મૂકો.'' તેના કહેવા પ્રમાણે ચાકરોએ હીરા, મોતી, માણેક, સોનું, ચાંદી વગેરેના પર્વત જેવા મોટા ઢગલાં તેની મૃત્યુશૈયાની ચારેબાજુ ગોઠવી દીધા. સુલતાન ધનનાં ઢગલાઓ તરફ જોઈ જોઈને રડતો હતો કે, અરે ! આમાંથી કાંઈ મારી સાથે નહિ આવે !!

મૃત્યુ સમયે તેને સમજાયું કે, આખી જિંદગી જે ધનને મારા કબજામાં કરવા લૂંટમાર કરતો રહ્યો તેનો સાચો માલિક હું નથી. માટે વેદ કહે છે કે, 'कस्य स्वित् धनम्' એનો વિચાર

કરો !

સુલતાનનાં મૃત્યુ બાદ તેનો પુત્ર તે ધનનો માલિક બન્યો. તેણે પણ વધુ લૂંટમાર કરીને તે ધનમાં વધારો કર્યો. તે પણ એના બાપની જેમ રડતો રડતો મરી ગયો, પરંતુ એક ફૂટી કોડી પણ સાથે ન લઈ જઈ શક્યો ! કારણ કે, એણે 'ધન કોનું છે' એનો વિચાર કર્યા વિના સંગ્રહખોરી જ કર્યા કરી. આ જ રીતે આજના મોટા મોટા કહેવાતા બુદ્ધિશાળીઓ કરે છે...!!!

એક ચીની સોફ્ટવેર એન્જિનીયરનું મૃત્યુ થયું. એ પોતાની વિધવા પત્ની માટે બેંકમાં ર.૯ મીલીયન ડોલર મૂકી ગયો હતો. પછી થોડા જ દિવસો બાદ તેની વિધવા પત્નીએ ઘરના યુવાન નોકર સાથે લગ્ન કરી લીધા !

નોકરે કહ્યું : ''હું હંમેશાં વિચારતો હતો કે હું મારા માલિક માટે કેટલું કામ કરું છું. પણ હવે મને સમજાયું કે આ તો માલિક આખી જિંદગી મારા માટે જ કામ કરતા રહ્યા !!''

એન્જિનીયરને મનમાં વહેમ હતો કે હું ધનનો માલિક છું. બસ, એ જ વહેમમાં એ મથતો રહ્યો, ભેગું કરતો રહ્યો અને બધું છોડીને જવું પડ્યું. તો હવે એના નોકરને વહેમ થયો કે હું ધનનો માલિક છું ! પરંતુ એ બાપડાને ખબર નથી કે તેના પણ એ જ હવાલ થવાના છે જે તેના માલિકના થયા.

બસ, આ જ રીતે મોટા મોટા શાહુકારો, ધનપતિઓ પોતાની પાસે ધનનો સંગ્રહ આખી જિંદગી કર્યા કરે છે. અને પછી બધું ધન અહીં જ મૂકીને મૃત્યુ પામે છે. પછી તેના દીકરા તેના માલિક બની જાય છે... એ પણ... મૃત્યુ પામે છે. આવી રીતે થતાં થતાં તેમના વંશમાં કોઈ સંતાન ન રહે ત્યારે બધું ધન સરકારી તિજોરીમાં જમા થઈ જાય છે. માટે વેદ કહે છે કે, 'कस्य (प्रजापतेः) स्वित् धनम्' અર્થાત્ પ્રજાપાલકનું બધું ધન છે. જેનું હતું તેની પાસે જતું રહ્યું.

હવે છેલ્લીવાર પ્રશ્ન : 'कस्य स्वित् धनम्' ધન કોનું છે ? અને ફાઈનલી જવાબ : 'कस्य (प्रजापतेः) धनम्' પ્રજાનું પાલન કરનારનું ધન છે.

એક જ મંત્રમાં પ્રશ્ન અને તે પ્રશ્નનો ઉત્તર પણ છે ! બસ, આ જ આ મંત્રનો **અંતિમ સાર** છે.

આપણા વેદના મંત્રો એટલા બધા ગૂઢ છે કે, એને સમજવા માટે ખૂબજ મનોમંથન કરવું પડે છે. પરંતુ એક વાત તો ચોક્કસ કે, એ મંત્રોનું ગમે તે સમયે મનોમંથન કરવામાં આવે તો તેનું ફળ જે તે સમય માટે બિલકુલ અનુરૂપ અને ઉપયોગી જ પ્રાપ્ત થાય છે.

અહીં પણ આપણે આટલું બધું મનોમંથન કર્યું તેનો સાર વિચારીએ તો સાંપ્રત સમયની આર્થિક મંદીને બિલકુલ અનુરૂપ જ છે.

હવે તમને પ્રશ્ન થશે કે, એ વળી કેવી રીતે બને ? ધન બધું સરકારનું છે એવો સાર આવ્યો તો પછી રાત્રિદિવસ મજૂરી કરીને લોહીનું પાણી કરનાર પ્રજા બિચારી શું મંજીરા વગાડે ?

જો તમારા મનમાં તમે એવું કંઈક વિચારતા હોય તો તે બિલકુલ યથાસ્થાને છે. પરંતુ 'कस्य स्वित् धनम्'નો એવો તાત્પર્ય બિલકુલ નથી કે સામાન્ય પ્રજા ગરીબી અને ભૂખમરામાં ઝૂર્યા કરે. 'कस्य (प्रजापतेः) स्वित् धनम्'નો વાસ્તવિક ભાવાર્થ શું છે ? એ સમજવા માટે આપણે પ્રયત્ન કરીએ.

આપણે આગળ જોયું કે 'क'નો અર્થ પ્રશ્ન થાય છે, વિતર્ક થાય છે અને પ્રજાપાલક પણ થાય છે. પરંતુ એ જ 'क'નો અર્થ 'સુખ તથા સુખદાયી' પણ થાય છે. તો હવે 'क' શબ્દનો સુખદાયી અર્થ ગ્રહણ કરીએ તો, 'कस्य स्वित् धनम्'નો ભાવાર્થ એવો થાય કે જે પાલક પ્રજાનું સુખ વધારે છે અને પ્રજાને સુખી કરવા માટે જ પ્રજાનું પાલન કરે છે (નહિ કે પોતાની તિજોરી ભરવા...) તેનું ધન છે.

અર્થાત્ પૃથ્વી ઉપર જે કંઈ પણ ધન છે તે પ્રજાના પાલન માટે છે. સમષ્ટિના સુખ માટે છે નહિ કે કોઈ એક વ્યક્તિના ઉપયોગ માટે. પછી તે વ્યક્તિ પ્રજાપાલક પણ કેમ ન હોય !

આપણે લેખમાળાના પ્રારંભમાં જોયું હતું કે, વિષ્ણુ ભગવાન પ્રજાનું પાલન કરે છે માટે તેની પાસે 'લક્ષ્મી' છે. બસ, તે જ રીતે ધનની ખોટી સંગ્રહખોરી ન થતા તે પ્રજાપાલકની તિજોરીમાં જ જવું જોઈએ અને પ્રજાનું સુખ વધારવા માટે તેનો વ્યય થવો જોઈએ. એ અહીં **સ્પષ્ટ** થાય છે. અને એ જ આ વેદમંત્રનો **ગલિતાર્થ** છે.

એકવાત બીજી અહીં સ્પષ્ટ કરવી જરૂરી જણાય છે કે, અહીં પ્રજાપાલક એટલે 'રાજા' અથવા તો વર્તમાન સમયની લોકશાહીમાં 'વર્તમાન સરકાર' એવો કોઈ સીમિત અર્થ નથી થતો. પણ જે કોઈપણ પ્રજાના હિત માટે ધનસંપતિનો વ્યય કરી શકે તેને 'પ્રજાપાલક' કહી શકાય. એ પછી રાજા હોય કે ન હોય, સરકાર હોય કે અધિકારી હોય કે ન હોય પણ જનતા-જનાર્દનના સુખ માટે પોતાના સુખ છોડવાની ખુમારી અને ધન વાવરવાની દાતારી જેમાં છે એ જ સાંપ્રત સમયનો સાચો **પ્રજાપાલક** છે.

વેદના ઋષિમુનિઓએ 'कस्य स्वित् धनम्' કહીને પરમેશ્વર પાસે એવી **પ્રાર્થના** કરી છે કે, એવા દાતાના ભંડારમાં બધું ધન જમા થાઓ. જેથી પ્રજા સુખી થાય ! આવો પણ એક **ભાવાર્થ** છે.

## ● પાણી પહેલાં પાળ

મનુષ્ય ધનની લાલચ કરે છે અને તે ધનનો ઉપયોગ પોતાના ભોગ વધારવા માટે કરતો રહે છે. ભગવાન **વેદનારાયણ** તો એવું કહે છે કે, કોઈ સમયે એક વ્યક્તિ પોતાની આવશ્યકતા કરતા વધુ ધનનો ઉપયોગ પોતાના

ભોગોને માટે કરવા માંડે છે તેથી બીજા કેટલાક લોકો તેટલા ભોગથી વંચિત રહે છે અને તેઓને દુઃખ ભોગવવું પડે છે. ત્યારે એ દુઃખી જીવ સ્વાર્થી ધનિકોનો દ્વેષ કરવા લાગે છે અને એ પ્રમાણે ઈર્ષ્યા વધે છે ને અંતે કલહ, યુદ્ધ અને વિનાશમાં તેનું પરિવર્તન થઈ જાય છે.

ભગવાન **શ્રી સ્વામિનારાયણ** કહે છે કે, 'જીવપ્રાણીમાત્ર પંચવિષય ભોગવ્યા વિના જીવી શકતા નથી. પણ ભગવાનના ભક્ત દેહ નિર્વાહ પૂરતા જ વિષયભોગ ભોગવે છે અને જગતના જીવ તેનો ઉપભોગ કરે છે અર્થાત્ ઈન્દ્રિયોના વિલાસ માટે વિષયભોગ ભોગવતા હોય છે.' (વચ.ગ.મ.પ્ર. ૧૧)

સુખેથી રહેવા માટે જેટલા અન્ન-વસ્ત્રનો ભોગ જોઈએ તેટલો અવશ્ય મળવો જ જોઈએ અને એટલું લેવામાં દોષ નથી. પરંતુ જરૂર કરતા વધારે લેવું એ દોષ છે. 'પરિગ્રહવૃત્તિ' અર્થાત્ પોતાની પાસે ઘણા વધારે ભોગને એકત્ર કરીને રાખવાની ઈચ્છા, તે દોષ છે અને તેમાં દુઃખ પણ છે.

જીવન નિર્વાહને માટે જરૂરી ઉપભોગ દરેક વ્યક્તિ લઈ શકે છે. એનાથી વધુ નહિ. એ જ ઉદ્દેશ્યથી વેદ કહે છે : 'मा गृधः' અર્થાત્ લલચાઓ નહિ.

એક વ્યક્તિને માટે બે-ચાર જોડી કપડાં જોઈએ, તેટલા રાખે અને પહેરે તેમાં કંઈ ખોટું નથી. પરંતુ બે-ચાર ડઝન કપડાં રાખવા એ દોષ છે. કારણ કે, એક વ્યક્તિના આવા વર્તનથી બીજા લોકોને શરીર ઢાંકવા માટે કપડાં પણ પૂરતાં પ્રાપ્ત ન થાય. જેનાથી સમાજમાં અસામ્યતા ફેલાય અને એના ફળસ્વરૂપે વર્ગકલહ ઊભા થાય. દરેક પ્રકારના ઉપભોગના વિષયમાં આમ જ થાય છે. માટે વેદ 'પાણી પહેલા પાળ' બાંધતા કહે છે : 'मा गृधः कस्य स्वित् धनम्' - લાલચ ન કર, ધન કોનું છે એ ધ્યાનમાં રાખ.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની એક વાતમાં કહે છે : "દેશકાળ સારા હોય ત્યારે અંગ ઘડી રાખવું." આ વાક્યનો અર્થ અહીં એમ કહી શકાય કે, આપણને પાત્ર સમજીને પરમાત્મા ધનસંપતિ આપે તો ભોગવિલાસી ન બની જવું. જીવનને સંયમિત રાખવું. એરકન્ડીશનર હોય તોપણ તેના વિના ચલાવી શકવાની આદત રાખવી. ગાડી હોય તોપણ વગર ગાડીએ ચલાવી લેવાની આદત રાખવી. જાહોજલાલી હોય તોપણ સાદાઈથી જીવન વિતાવવાની આદત રાખવી. માણસ જો આ પદ્ધતિથી જીવન જીવે તો તેને દુઃખ સ્પર્શી સુદ્ધાં ન શકે. આને કહેવાય 'પાણી પહેલા પાળ.'

પરંતુ માણસ નામનું પ્રાણી એવું છે કે, તે પોતાની લાલચ રોકી જ શકતું નથી. આનું કારણ કદાચ એનો ભગવાન ઉપરનો અવિશ્વાસ જ હશે ! માટે એક ચિંતકે બહુ સુંદર વાત કહી છે કે, "માણસ કરતા પક્ષીઓને ભગવાન પર વધુ ભરોસો હોય એવું લાગે છે. કારણ કે પક્ષીઓના માળામાં ક્યાંય મેં સ્ટોરરૂમ જોયા નથી અને તેમ છતાં તે આનંદમાં કલરવ કર્યા જ કરે છે...!!!"

હવે એક વધુ શાણપણની વાત સમજીએ.

(૧) 'मा गृधः' (૨) 'कस्य स्वित् धनम्' - આ બે મંત્રના ભાગ છે. જેનો અર્થ આપણે ઉપરોક્ત સમજી ગયા. પરંતુ કેટલાક વિદ્વાન એને બે વાક્ય ન સમજતા એકજ વાક્ય સમજીને કંઈક આવો અર્થ કરે છે કે, 'मा गृधः कस्य स्वित् धनम्' અર્થાત્ કોઈના ધનની લાલચ ન કર. પરંતુ આ અર્થ એટલા માટે અશુદ્ધ છે કે, આપણે આગળ જોઈ ગયા કે 'स्वित्' શબ્દનો અર્થ પ્રશ્ન અને વિતર્ક છે. એ ભાવ લઈને અર્થ કરવાથી એનો ભાવ પ્રકટ થઈ શકતો નથી. 'બીજાના ધનની લાલચ ન કર' એવો અર્થ માનવાથી પોતાની પાસેના ધનની લાલચ કરવામાં કોઈ બાધ નથી એવો અર્થ આપોઆપ સિદ્ધ થાય છે. અર્થાત્ એક કરોડપતિ કે અબજપતિ પોતાના ધનનો ઉપયોગ મન ફાવે તેમ કરી શકે છે.

નિર્ધન બિચારો પોતાની નિર્ધનતામાં સબડતો જ રહે છે. એ લાલચ તો શું કરે પણ તેને પોતાના જીવનનો નિર્વાહ કેમ કરવો ? એ એક સમસ્યા છે, ધનવાન બીજાના ધનનો લોભ ન કરે એટલું જ કહેવાથી સામાજિક અર્થની સમસ્યા દૂર નહિ થાય. ધનવાનની પાસે જે ધનનો સંગ્રહ છે તે કોનું છે ? તેના પર અધિકાર કોનો છે ? એ **મહત્ત્વનો પ્રશ્ન** છે.

### ● ત્યાગ શોભા સજ્જનની

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, પોતાના ધનનો ઉપભોગ માણસ કેવી રીતે કરે ? એનો જવાબ વેદમંત્ર કંઈક આવો આપે છે : 'तेन त्यक्तेन भुञ्जीथाः' અર્થાત્ તેનો ત્યાગ દ્વારા ભોગ કર. અહીં ત્યાગનો અર્થ **દાન** છે. તો ઉપરોક્ત વાક્ય બોધ કંઈક એવો થયો કે, દાનથી પોતાના ધનનો ઉપભોગ કરવો જોઈએ. એ એક અપૂર્વ **વેદોપદેશ** છે.

ધનનો **બે રીતે ઉપભોગ** થઈ શકે છે : (૧) ભોગથી (૨) દાનથી. એ બેમાંથી શ્રેષ્ઠ ઉપભોગ ક્યો છે ? તેનું થોડું મનન હવે આપણે કરીએ.

**ભોગ કરીને ઉપભોગ :** ભોગથી ઉપભોગનો અનુભવ પ્રત્યેક મનુષ્ય પોતાની ઈન્દ્રિયો દ્વારા જાતે જ કરે છે. ભોગથી ઉપભોગ મર્યાદિત હોય છે. તેથી હદ ઉપરાંત કરી શકાતો નથી.

જેમ કે, ઘરમાં કદાચ મનભાવતું મિષ્ટાન્ન બન્યું હોય અને એનો ઉપભોગ ભોગ કરીને જ અર્થાત્ પોતે ખાઈને જ કરવાનો છે. તો તે તેટલો જ થઈ શકે છે જેટલી વ્યક્તિની પોતાની પાચનશક્તિ હોય. પાચનશક્તિથી વધારે ખાવામાં આવે તો તેની વિકૃતિ થશે અને દુઃખ પણ. માટે મુખ દ્વારા અન્ન ભોગ કરવા માટે પરમાત્માએ મર્યાદા મૂકેલી છે. એ મર્યાદાનું કોઈ ઉલ્લંઘન કરી શકતું નથી. કોઈ માણસ દશ જલેબી ખાશે, બહુ બહુ તો કોઈ ૨૦, પણ પોતાની ક્ષમતા કરતા વધારે ખાશે તો જલેબી તેનો ભોગ લેવા માંડશે !

હવે બીજી વાત, કોઈ ધનવાન માણસ પાસે કદાચ દશ બંગલા છે. તોપણ તે એક સમયે એક જ બંગલામાં રહી શકે છે. અરે ! તેમાં પણ એક જ રૂમમાં રહી શકે છે. એ પણ પરમાત્માએ બાંધેલી ઉપભોગની મર્યાદા છે. તેનું ઉલ્લંઘન કરીને સામાન્ય માણસ માટે એક સાથે ઘણા બંગલામાં રહેવું અસંભવ છે.

કોઈ શોખીન ધનપતિ પાસે ઘણી બધી મોટરકારો હોવા છતાં તે એક સમયે એક જ મોટરકારમાં બેસી શકે છે. એક સાથે બે-ચાર મોટરકારોમાં બેસવું કોઈ એક મનુષ્ય માટે સંભવ નથી.

કોઈ ફેશનેબલ યુવાન પાસે કદાચ સેંકડો જોડી કપડાં છે, પણ તેમ છતાં એક સમયે એક જોડી કપડાં જ પહેરી શકાય. બધા એક સાથે પહેરે તો તેને ગાંડો કહેવાય ! કારણ કે, ગાંડા આવું કરતા હોય છે.

ભોગ દ્વારા ઉપભોગ મર્યાદિત છે. મનુષ્યની ઈન્દ્રિયો મર્યાદાનું ઉલ્લંઘન કરીને ઉપભોગ કરી શકતી નથી. એનો અનુભવ દરેક મનુષ્ય કરી શકે છે.

**| દાન કરીને ઉપભોગ :** હવે દાન દ્વારા ઉપભોગ કેવો અમર્યાદિત છે તે જુઓ. તમે તમારી શક્તિ હોય તેટલું મિષ્ટાન્ન ઘરમાં બનાવો પણ તે તમે એકલા ન ભોગવો, લોકોને ખવડાવો. તેમના તૃપ્ત થયેલા મુખ જોઈને જે આનંદ તમને થશે તે **અમર્યાદિત આનંદ** છે.

તમે અન્નદાન, વિદ્યાદાન અને ધનદાન જેટલું ચાહો તેટલું કરો. હોસ્પિટલ બંધાવો, દુઃખી-દરિદ્રીની સહાયતામાં લાગી જાઓ, તેમની આનંદિત મુખાકૃતિ જોઈને જે આનંદ મળશે તે આનંદ અમર્યાદિત છે.

હજારો વિદ્યાર્થીઓના જીવન તમારા વિદ્યાદાનથી નીખરી ઊઠશે. તમે બંધાવેલી હોસ્પિટલમાં હજારો રોગી રોગમુક્ત થશે. તેમનો આનંદ જોઈને જ તમને અમર્યાદિત આનંદ પ્રાપ્ત થશે... તે દિવ્યાનંદ હશે..!! દાન દ્વારા જે ઉપભોગ થાય છે તે આ છે. એનો વિસ્તાર અમર્યાદિત છે.

તેનો આનંદ પણ અભૌતિક છે અને તેનું ક્ષેત્ર પણ વ્યાપક તથા અત્યંત વિસ્તૃત છે. તેથી **વેદ** કહે છે : 'લાલચ ન કર અને દાન દ્વારા ભોગ કર.'

દાન કરતાં કરતાં થોડોક ઉપભોગ તમે પોતાના માટે અર્થાત જીવન નિર્વાહ માટે કરો. તે તમારો આનંદ વધારશે. વ્યવહારમાં પણ જન સમુદાયમાં ઉપકાર કરવાથી જે આનંદ મળે છે તે આનંદ કોઈ પદાર્થનો એકલા ઉપભોગ કરવાથી મળનારા આનંદ કરતા હજારગણો વધુ હોય છે. તેથી 'દાન દ્વારા ભોગ કર.' (तेन त्यक्तेन भुञ्जीथाः) આ વેદની આજ્ઞા આપણા સર્વનું સુખ વધારનારી છે, પ્રેમ વધારનારી છે,અમર્યાદિત આનંદ આપનારી છે.

અત્યાર સુધી આપણે વેદના **ત્રણ ઉપદેશ** જોયા. તે ત્રણેય ઉપદેશો પોત-પોતાની રીતે સ્વતંત્ર થકા પણ સુખકારી છે. અને તેમનો પરસ્પર સંબંધ પણ સુખકારી છે. તે ઉપદેશોને એકવાર આપણે દોહરાવી લઈએ :

(૧) 'कस्य (प्रजापतेः) स्वित् धनम्' - બધું ધન પ્રજાપતિનું છે, કોઈ વ્યક્તિનું નથી. માટે

(૨) 'मा गृधः' - વ્યક્તિગત લાલચ ન કર. અને

(૩) 'तेन त्यक्तेन भुञ्जीथाः' - તે (ધનનો) દાન દ્વારા ઉપભોગ કર, ભોગ દ્વારા નહિ.

વસ્તુત : આ મંત્ર આ પ્રમાણે વેદમાં લખાયેલા છે : 'तेन त्यक्तेन भुञ्जीथाः, मा गृधः, कस्य स्विद्धनम् ' પરંતુ અહીં સરળતાથી સમજૂતિ માટે ઉલટા ક્રમથી રજુ કર્યા છે.

આ ત્રણ ઉપદેશ વૈદિક **અર્થવ્યવસ્થાનું સ્વરૂપ** બતાવી રહ્યા છે. (૧) ધન કોઈ વ્યક્તિનું નથી, વ્યક્તિ નાશવંત છે. ધન છોડીને વ્યક્તિ મરી જાય છે. પરંતુ સમજ સ્થાયી રહે છે, તેથી સ્થાયી રહે છે તેનું ધન છે. (૨) જો આ પ્રમાણે માની જ લેવામાં આવે તો વ્યક્તિએ કોઈ ધનની લાલચમાં ફસાવું યોગ્ય નથી એ સિદ્ધ થઈ ચૂક્યું છે. ધન પ્રજાપાલકનું છે પણ કોઈ વ્યક્તિનું નથી. પછી ભલે તે ધન વ્યક્તિની પાસે રહે, પણ તે વ્યક્તિ તેનો વિશ્વાસુ (ટ્રસ્ટી) બનીને રહે, પણ ઉપભોગ કરનાર માલિક નહિ.

આ રીતે ધન પરથી આસક્તિ છોડવી તે **મનુષ્યનું કર્તવ્ય** છે. તેમ છતાં મનુષ્યના જીવન નિર્વાહ માટે ભોગ આવશ્યક છે. તેથી તે કેવી રીતે ભોગ કરે ? તો આ પ્રશ્નના જવાબમાં વેદ કહે છે : (૩) ત્યાગ કરીને, દાન કરીને, યજ્ઞક કરીને જે શેષ રહે છે તે અમૃતનો ભાગ છે. તેનાથી જીવન નિર્વાહ કરવો.

આ **ત્રણ ઉપદેશ** વૈદિક અર્થ વ્યવસ્થાના **સ્વરૂપ** બતાવી રહ્યા છે.

## ● મંત્રોનો અંતિમ સિદ્ધાંત

'ધન પ્રજાનું છે.' એમ અહીં **વેદ** કહે છે અને વળી બીજી જગ્યાએ વેદ એમ પણ કહે છે કે, બધુ ધન યજ્ઞને માટે ઉત્પન્ન થયેલું છે. તેનો **વાસ્તવિક અર્થ** શું છે ? તે આ પ્રકરણમાં આપણે સમજવા પ્રયત્ન કરીએ.

સમગ્ર ધન યજ્ઞ માટે ઉત્પન્ન થયું છે તે કેવી રીતે ? તો આ વાતને સમજવા માટે યજ્ઞની સંકલ્પના ક્યારથી અને ક્યા સિદ્ધાંતથી ઉત્પન્ન થઈ તે અહીં જાણવું અનિવાર્ય બની જાય છે.

વેદ માનવસમાજની વ્યવસ્થા બે શબ્દમાં કહેતા લખે છે : 'जगत्यां जगत्' - 'જગતીના આધાર પર જગત રહે છે.' એ આ વાક્યનો શબ્દશઃ અર્થ થયો. પરંતુ તેનો **ગલિતાર્થ** શું છે ? એ સમજવા માટે સૌપ્રથમ તો આપણે એ સમજવું રહ્યું કે, જગતી એટલે શું ? અને જગત એટલે શું ?

તેમાં 'जगत्' શબ્દનો અર્થ વિદ્વાનો કંઈક આવો કરે છે કે, 'गच्छति इति जगत् ।' અર્થાત્ જે ગતિમાન છે, જેમાં હલન-ચલનની શક્તિ છે. જે પોતાની પ્રગતિ કરે છે તે જગત છે.

પૃથ્વી પોતાની ધરી પર તથા સૂર્યની ચારેબાજુ ઘૂમે છે, તેથી પૃથ્વી અને પૃથ્વીના બધા પદાર્થ ગતિમાન છે; માટે તે જગત છે. સૂર્ય પણ પોતાની ગ્રહમાળાની સાથે બૃહત્સૂર્યની ચારેબાજુએ ઘૂમી રહ્યો છે. તેથી સંપૂર્ણ સૂર્યમાળા ઘૂમી રહી છે એટલે કે ગતિમાન છે. માટે તે જગત છે.

આમ, આખું વિશ્વ ગતિમાન છે. આ વિશ્વમાં કોઈપણ વસ્તુ ગતિ રહિત નથી. તેથી સમગ્ર વિશ્વને જગત કહેવાય ! પરંતુ જો ગતિનો અર્થ પ્રગતિ લઈએ તો ફક્ત મનુષ્ય જ એવો છે કે જે પ્રગતિ કરી શકે છે, પણ હા, મનુષ્યમાં સ્વતંત્ર બુદ્ધિ છે. તેથી તે પોતાની ઉચ્ચગતિ એટલે કે પ્રગતિ પણ કરી શકે છે અને નીચ ગતિ એટલે કે અધોગતિ પણ કરી શકે છે.

મનુષ્યને છોડીને
બીજા બધા પ્રાણી ગતિમાન તો છે
પરંતુ તેમાં સ્વતંત્ર પ્રતિભા નથી.
તેથી પોતાની સ્થિર બુદ્ધિથી જન્મ
અને જાતિથી તેઓ જેવા છે
તેવા જ રહે છે.

મનુષ્યને છોડીને બીજા બધા પ્રાણી ગતિમાન તો છે પરંતુ તેમાં સ્વતંત્ર પ્રતિભા નથી. તેથી પોતાની સ્થિર બુદ્ધિથી જન્મ અને જાતિથી તેઓ જેવા છે તેવા જ રહે છે. ચકલી જુઓ. જેવી દસ હજાર વર્ષ પૂર્વે હતી તેવી જ આજે છે અને તેવી જ દસ હજાર વર્ષ પછી પણ રહેશે. અર્થાત્ તેમાં પેઢી દરપેઢી રહેણી-કરણી કે પછી વ્યવહારમાં કોઈ ફેરફાર થયો નથી અને થવાનો નથી.

જ્યારે મનુષ્યનો સામાજિક, આર્થિક, બૌદ્ધિક વગેરે વગેરે વ્યવહાર સતત બદલાતો જ રહે છે. તેથી સામાન્ય રીતે આખા વિશ્વના બધા પદાર્થોને જગત કહેવાય છે, પરંતુ પૂર્ણ રીતે તો મનુષ્ય જ જગત છે.

જેમ કે - પુત્ર તો ઘણી સ્ત્રીઓને હોય છે પણ જે માતાને પ્રભાવી પુત્ર હોય તેને જ લોક અને શાસ્ત્ર 'પુત્રવતી' કહે છે. નહિ તો સુ-વરી અર્થાત્ સુવરી (ભુંડણી)ને તો દસ-દસ સંતાન હોય છે, પણ તેનો તો કોઈ ભાવ પણ નથી પૂછતું. એ તો કાદવમાં જ આળોટતી હોય છે. બસ એ જ રીતે ગતિમાન હોવાને કારણે બધાને જગત કહેવાય પણ ખરા અર્થમાં તો મનુષ્ય એક જ જગત છે. કારણ કે, તે પોતાની પ્રગતિ કરીને પરમપદને પ્રાપ્ત કરી શકે છે. તેથી મનુષ્ય એટલે જગત, આવું પુરવાર થયું. તો હવે **જગતી** એટલે શું ? એ થોડું વિચારીએ.

એક વ્યક્તિને **જગત** કહેવામાં આવે છે એવા અનેક જગતોના સમૂહને **જગતી** કહે છે. વ્યક્તિ મરે છે પણ સમાજ સ્થાઈ રહે છે. હિન્દુ વ્યક્તિ મૃત્યુ પામે છે, પરંતુ હિન્દુ સમાજ યુગોથી અજરામર છે અને રહેવાનો છે. બસ આ જ સિદ્ધાંત દરેક સમાજને એક જ સરખી રીતે લાગું પડે છે. તેથી ધન નાશ થનાર કોઈ વ્યક્તિની જાગીર નથી પણ સ્થાયી રહેનાર સમાજની જ અમાનત છે.

અહીં પુનઃ આપણે એ જ **પ્રશ્ન**ને વિચારીએ કે, 'कस्य (प्रजापतेः) धनम्' આ મંત્રભાગનો અર્થ બ્રાહ્મણ વચન પ્રમાણે 'પ્રજાપતિનું ધન છે' એવો છે. તો, ધન પ્રજાનું છે કે પ્રજાપતિનું છે ? અર્થાત્ ધન જનતાનું છે કે શાસકનું છે ?

આ પ્રશ્નનો **ઉત્તર** પણ એ જ પ્રશ્નમાંથી આપણને મળશે કે, પ્રજા અને પ્રજાપતિમાં સ્થાયી કોણ છે ? રાજા કે પ્રજા ? અર્થાત્ શાસક કે જનતા ? અથવા તો ધનવાન કે પ્રજા ? અથવા તો દાતા કે પ્રજા ? ઉત્તર સ્પષ્ટ છે એમાં કંઈ લાંબુ વિચારવાની જરૂર નથી. પ્રજા સ્થાયી છે અને પ્રજાપતિ બદલાય છે. તેથી પ્રજા મુખ્ય છે અને પ્રજાપતિ ગૌણ છે. પ્રજા છે તો પ્રજાપતિ છે. પ્રજા નથી તો પ્રજાપતિનું કોઈ અસ્તિત્વ જ નથી. કારણ કે, પ્રજાપતિ પણ આખીર પ્રજામાંથી જ આવે છે. તેમ છતાં આશ્ચર્યની વાત તો એ લાગે છે કે, ગૌણ હોવા છતાં દાતાનું સન્માન થાય છે, એને મંચ ઉપર બોલાવીને હાર પહેરાવાય છે, એની પ્રશંસા થાય છે. જ્યારે પ્રજાને સભામાં બેસીને તાળીઓ જ પાડવાની રહે છે અને ગરમી ખાવાની રહે છે...!!!

દાતાએ દાન આપીને પ્રજા ઉપર કોઈ ઉપકાર નથી કર્યો પણ માત્ર પોતાની ફરજ જ નિભાવી છે. તેમ છતાં એનું સન્માન કદાચ એટલા માટે થતું હશે કે, આ કળિયુગમાં ફરજ નિભાવવાવાળા પણ ક્યાં મળે છે ?

વેદમાં કહ્યું છે કે, 'विराड् वा इदमग्र आसीत् ।' (અથર્વ : ૧૫) 'વિ-રાજ્ અર્થાત્ રાજ વિનાની પ્રજા જ પહેલા હતી.' એ

સમયે રાજાની કલ્પના પણ નિર્માણ નહોતી થઈ. તેમ છતાં તે સમયે પ્રજાજન હતા, લોકો હતા. અર્થાત્ જનતા તો હતી જ શાસકની કલ્પના તો પછી થઈ છે.

રાજા શબ્દનો અર્થ કરતા **વિદ્વાનો** કહે છે કે, 'रञ्जयति इति राजा ।' અર્થાત્ પ્રજાનું રંજન કરે તે રાજા. અને આપણા શાસ્ત્રો કહે છે કે, રંજન કરનાર ગૌણ હોય છે અને રંજિત થનાર મુખ્ય.

ટૂંકમાં વાત એટલી છે કે, પ્રજા વિના રાજાનું અસ્તિત્વ સંભવ જ નથી. અને વગર રાજાએ પણ પ્રજાનું અસ્તિત્વ હોઈ શકે છે. તેથી વ્યક્તિ ગૌણ છે અને સમષ્ટિ સ્થાયી અને અમર છે. માટે ધન સમષ્ટિનું છે કોઈ એક વ્યક્તિનું નથી.

'कस्य (प्रजापतेः) स्वित् धनम्' આ વેદ વાક્યમાં જે કહ્યું છે કે, ધન પ્રજાપતિનું છે એમાં એ જ ભાવ છે કે ધન પ્રજાનું છે. પ્રજાપતિ તેની વ્યવસ્થા કરનાર સેવક માત્ર છે. માટે જ્યારે બધું ધન તમામ જનતાનું છે તો એક વ્યક્તિએ (मा गृधः) તે ધનની લાલચ ન કરવી જોઈએ. પોતાના ખીસ્સા, પોતાની તિજોરીઓ ન ભરવી જોઈએ. પછી તે વ્યક્તિ કોઈ સત્તાધીશ કે કોઈ નેતા કે અધિકારી પણ કેમ નથી ? કારણ કે, એ બધા પ્રજાના સેવકમાત્ર છે માલિક નથી !!

જે ધન તમામ જનતાને માટે છે તેના પર એક વ્યક્તિનો અધિકાર થઈ જ કેવી રીતે શકે ? અને જો તે સાર્વજનિક વસ્તુની લાલચ એક વ્યક્તિ કરે તો તે વ્યક્તિનો અપરાધ સમજવામાં આવશે. તેથી 'લલચાવો નહિ' (मा गृधः) તેવી વેદે આજ્ઞા આપી છે. અને 'तेन त्यक्तेन भुञ्जीथाः' દાન દ્વારા, ત્યાગ દ્વારા ભોગ કરો એવી વેદની આજ્ઞા છે.

કોઈ બાળકનો જે સમયે જન્મ થાય છે તે સમયે તે સર્વથા પરાધીન હોય છે. એકાદ વર્ષ માતાનું દૂધ પીને તે નિર્વાહ કરે છે. પછી માતા-પિતા અને કુટુંબપરિવારની સહાયતાથી તે મોટો થાય છે, પછી ગુરુ પાસેથી જ્ઞાન મેળવીને વિદ્વાન બનીને સ્વયંપ્રજ્ઞ કહેવાય છે. ત્યાં સુધી તેનું સંપૂર્ણ પોષણ સમષ્ટિ દ્વારા જ થાય છે. અરે ! સ્વયંપ્રજ્ઞા પછી પણ તેને સમષ્ટિની ગરજ તો રહે જ છે. તેથી કહ્યું છે કે, સમષ્ટિના આધારે વ્યક્તિ રહે છે. ('जगत्यां जगत्') તેથી વ્યક્તિએ સમષ્ટિને માટે અર્થાત્ સમાજ માટે જરૂર પડ્યે પોતાના અંગત ભોગ સુખનો ત્યાગ કરવો જોઈએ તો જ તેની કૃતજ્ઞતા અદા કરી કહેવાય. નહિતર આપણે કૃતઘ્ની કહેવાઈએ ! ભગવાન શ્રી સ્વામિનારાયણે તો ગઢડા પ્રથમ પ્રકરણના ૧૦મા વચનામૃતમાં કૃતઘ્નીનો સંગ સર્વથા ત્યાગવાનું કહ્યું છે. એનો અર્થ થાય છે કે, કૃતઘ્નીપણાનો બહિષ્કાર કરવો.

તેથી વ્યક્તિની પાસે જે ધન છે તે ધન રાષ્ટ્ર માટે અને સમાજ માટે છે એમ દરેક ધનવાન વ્યક્તિ સમજતી થઈ જાય તો આજે પણ **રામરાજ્ય** સ્થપાઈ જાય. ભારતમાંથી દરિદ્રનારાયણ અદશ્ય થઈ જાય અને સમગ્ર સમાજ સમાન રીતે **જનતા જનાર્દન** થઈ જાય !!

આખીર તો 'ईशावास्यम् इदं सर्वं यत् किंचित् ।' (યજુર્વેદ : ૪૦/૧) 'અહીં જે કંઈ પણ છે તે બધાં પર પરમાત્માનું જ **સ્વામીત્વ** છે.' માટે આપણે બધાએ એના શરણે જ જવું જોઈએ. એના શરણે જવાથી વિશ્વની દરેક સંપત્તિ દરેક પદાર્થ તમારા તરફ ખેંચાઈને આવશે.

આ આખી લેખમાળામાં જે કંઈ પણ અહીંયા સુધી ચર્ચા થઈ તે **વૈદિક અર્થવ્યવસ્થા**ની થઈ છે. એ અર્થવ્યવસ્થા અનુસાર વર્તવાથી જીવપ્રાણીમાત્ર સુખી થઈ શકે છે. અને સુખી સમાજ જ ભગવદ્ભજન માટે સાનુકૂળ થઈ શકે છે એટલો જ હેતુ છે. પરંતુ અંતે અર્થવ્યવસ્થા મુખ્ય નથી મુખ્ય તો પરમાત્માની શરણાગતિ જ છે. એ વાત ભૂલાવી ન જોઈએ.

આ સંપૂર્ણ **લેખમાળા**નો **સાર** પુનઃ જોઈ લઈએ. પણ અત્યાર સુધીના ઉલ્ટા ક્રમમાં નહિ, વેદ પ્રમાણે ક્રમમાં.

(૧) 'ईशावास्यम् इदं सर्वं यत् किंचित् ।' - 'અહીં જે કંઈ પણ છે તે બધા પર પરમાત્માનું જ સ્વામીત્વ છે.'

(૨) 'जगत्यां जगत्' - 'સમષ્ટિ (સમાજ)ના આધારે વ્યક્તિ રહે છે, તેથી તારા માટે એ જ યોગ્ય છે કે તે...'

(૩) 'तेन त्यक्तेन भुञ्जीथाः' - તે (ધનનો) દાન દ્વારા ઉપભોગ કર, ભોગ દ્વારા નહિ.

(૪) 'मा गृधः' - ધનનો લોભ ન કર, લોભ છોડી દે.

(૫) 'कस्य (प्रजापतेः) स्वित् धनम्' - તારી પાસે જે ધન છે અથવા કોઈ ઊઠી ગયેલી કંપનીમાં તારું જે ધન ગયું તે કોઈ વ્યક્તિનું અર્થાત્ તારું નહિ પણ પ્રજાપાલકનું છે અને અંતે પ્રજાનું છે માટે ચિંતા માસ્તુ !

અને અંતે આ બધા પદોને સમષ્ટિમાં (સમૂહમાં) એકસાથે ઉચ્ચારીને **મંત્ર** પૂર્ણ કરીશું : 'ईशावास्यम् इदं सर्वं यत्किंचित् जगत्यां जगत् । तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्य स्विद्धनम् ।।' (યજુર્વેદ : ૪૦/૧, ઈશ. ૧)

# સત્સંગ સમાચાર પત્રિકા


સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી













સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર સરધારના છાત્રાલયમાં નિવાસ કરીને વિદ્યાભ્યાસ કરતા કોલેજીયન વિદ્યાર્થીઓને ભારતીય હિન્દુ સંસ્કૃતિના દિવ્ય સંસ્કારોના ઘડતરની સાથે ઠાકોરજીને ધરાવેલ કાજુ-બદામ-ખજુર, ખારેક, કેરી, શેરડી, આઈસક્રિમ વગેરે વસ્તુઓનો આનંદ ઉજવતા પૂ. સ્વામી વગેરે સંતમંડળ.




તીર્થધામ સરધારને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી સાહિત્ય સંધ્યામાં સાહિત્યરસ પીરસતા લોકસાહિત્ય રત્નાકર શ્રી મેરાણ ગઢવી તથા કવિરત્નાકર શ્રી અનુભા ગઢવી




ગુરુપૂર્ણિમાના શુભ અવસરે સરધારધામમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપિત મૂળભૂત આચાર્યપદ-ગુરુ પરંપરા પ્રત્યે શ્રદ્ધાસુમન અર્પણ કરવા ઉજવાયેલ ગુરુપૂજન મહોત્સવમાં પૂજન-અર્ચન કરતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતો-હરિભક્તો.




શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલી (મુંબઈ)માં બિરાજમાન બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના દિવ્ય સાન્નિધ્યમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ કલાત્મક નયનરમ્ય હિંડોળાનું ઉદ્‌ઘાટન કરતા તેમજ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




સિમાડા-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ વિશાળ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

**વૃક્ષારોપણ-જિલ્લા વન મહોત્સવ – સરધાર**




સરધારને આંગણે રાજકોટ જિલ્લા વન મહોત્સવ પ્રસંગે યોજાયેલ વૃક્ષારોપણમાં ઉપસ્થિત પૂ. સંતો તથા ધારાસભ્યશ્રી, અધિકારીશ્રીઓ વગેરે રાજકીય આગેવાનશ્રીઓ.

**સત્સંગ રવિસભા ભાવનગર**




ભાવનગર મુખ્ય મંદિર પટાંગણમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ વિશાળ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

**નવમી સત્સંગ શિબિર માણાવદર**






સોરઠ પ્રદેશના માણાવદર શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ નવમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર'

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

श्री स्वामिनारायण मुख्य मंदिर
जगन्नाथपुरी (ओडीशा)

નૂતન કથામંડપ તથા ભોજનાલયનો

# ઉદ્‌ઘાટન સમારોહ તથા

# પંચદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ

## પ્રયોજક-વક્તા : પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**તારીખ : ૨૦ થી ૨૪ -૧૦-૨૦૧૮   કથા સમય :- સાંજે ૫.૦૦ થી ૮.૦૦**

સંપર્ક :- સરધાર મંદિર - મો. ૭૬૦૦૦ ૫૮૫૦૩ સુરત - મો. ૯૫૭૪૫ ૮૧૨૫૮

D-LIVE
-: કથા સમય :-
રાત્રે ૮.૩૦ થી ૧૧.૦૦

हमारा लक्ष्य
www.lakshya.tv

**સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર,**
પુરી-કોણાર્ક રોડ, જગન્નાથપુરી, (ઓરીસ્સા)   સંપર્ક :- કો.પા. રાહુલ ભગત - મો. ૮૦૦૦૦૫૮૫૦૬

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

**તીર્થધામ સરધારને આંગણે ત્રેવસમી**

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી

**તા. ૪ થી ૧૨-૧૧-૨૦૧૮**

**પ્રયોજક :**
પૂ. સ. ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા... Live માણો

हमारा लक्ष्य
विश्व का कल्याण हो...

**સમય :** રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦



**સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' સરધાર, તા. જી. રાજકોટ.**




**શ્રી સ્વામિનારાયણ મહોત્સવના યશસ્વી યજમાનશ્રીઓનું સ્મૃતિચિહ્ન અર્પણ સહ સન્માન**





## પ્રથમ પાટોત્સવ તથા નેશનલ સત્સંગ શિબિર












અમેરિકાના ન્યુજર્સી ખાતે શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિરમાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજ આદિક દેવોનો ઉજવાયેલ **પ્રથમ પાટોત્સવ** તેમજ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અમેરિકાના જુદા જુદા સેન્ટરોના આંતરરાષ્ટ્રીય **શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ**ના યુવક-યુવતી તથા બાળ-બાળિકાઓની **'નેશનલ સત્સંગ શિબિર'** તા. ૧૮ થી ૨૨ જુલાઈ ૨૦૧૮ સુધી યોજાઈ હતી. આ શિબિરમાં ૫૦૦ કરતા વધુ યુવક-યુવકતીઓએ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો તેમજ ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને પૂ. સંતો તથા યુવાન હરિભક્તોના પ્રેરણાત્મક પ્રવચનો દ્વારા દૃઢ કર્યા હતા.




**૧૫ મી ઓગષ્ટ**
**સ્વતંત્રતાપર્વ – સરધાર**

તીર્થધામ સરધારને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે પૂ. સંતોના સાન્નિધ્યમાં સરધાર મંદિર છાત્રાલયમાં રહીને વિદ્યાભ્યાસ કરતા કોલેજીયન વિદ્યાર્થીઓ તેમજ સરધાર ગામ સમાજના આગેવાનો ઉપસ્થિત રહીને રાષ્ટ્રધ્વનને સલામી આપી રાષ્ટ્રવંદના કરી હતી.








**સિમાડા–સુરત** શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ભગવાન શ્રીહરિના સાન્નિધ્યમાં પોતાના ૩૪મા જન્મદિવસ પ્રસંગે ઠાકોરજીને થાળ, સંતોને રસોઈ તેમજ ધોતિયા ઓઢાડી પૂજન–અર્ચન કરીને પોતાના નિવાસસ્થાને ઠાકોરજી સહ પધરામણી કરાવી સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શુભાશિષ પ્રાપ્ત કરતા સુપ્રસિદ્ધ ભાગવતાચાર્ય **પૂ. શ્રી જીગ્નેશદાદા (રાધે રાધે)**

Swaminarayan Chintan, August, 2018 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month
wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 20/12/2018_RNI No. GUJGUJ-2013/47868

# **Shree Swaminarayan Hindu Temple**, Bridle Road, Pinner London. HA5 2SH





સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા લંડન (યુ.કે.)ના Pinner વિસ્તારમાં નિર્મિત 'શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર'નું નિરક્ષણ કરતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સંતો-હરિભક્તો.

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007